RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 70* Date: 29.12.2022, Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબાની તબિયત નાદુરસ્ત

## મોદી અમદાવાદ પહોંચ્યા,હીરાબાની તબિયત સુધારા પરં, ૨૦૧૬માં પણ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા

અમદાવાદ,તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબાને યુએન મહેતા હોસ્પિટલમાં એડમિટ કરાયા છે. પીએમ મોદીના માતા ૧૦૦ વર્ષના છે. મોદી ગુજરાતમાં આવે ત્યારે માતાને મળવા માટે અચૂક જાય છે. જો કે તેમની તબિયત સારી અને સુધારા પર હોવાનું સામે આવ્યું છે.સવારે સામાન્ય બલ્ડપ્રેશરની તકલીફના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું સામે આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ભાઈ પ્રહલાદ મોદીની કારને પણ અકસ્માત નડ્યો હતો. આજે હીરાબાના હોસ્પિટલમાં દાખલ થવાના સમાચાર સાંભળી પીએમ મોદી તાત્કાલિક ગુજરાત



આવવા રવાના થયા હતા અને તેઓ અમદાવાદ પહોંચી ગયા હતાં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુ એન હોસ્પિટલમાં પહોંચ્યા હતાં અને તેમણે ડોકટરો સાથે ચર્ચા કરી હતી અને માતાની તબિયત અંગે પુછપરછ કરી હતી વડાપ્રધાને માતાની સારવાર અંગેની જાણકારી માંગી હતી. હોસ્પિટલ તરફથી આ માહિતી બુલેટિન બહાર પાડીને આપવામાં આવ્યું છે તેમાં જણાવાયુ છે કે હીરાબાની તબિયત સ્થિર અને સુધારા પર છે. હૃદયરોગના નિષ્ણાંતો અને કિડની લીવરના નિષ્ણાંતોની છ તબીબોની ટીમ હીરાબાના આરોગ્યની દેખરેખ કરી રહ્યાં છે. હાલમાં હીરાબાની તબિયર સ્થિર હોવાનું હોસ્પિટલે જણાવ્યું હતું.

બીજી તરફ હીરાબાના ખબર અંતર પૂછવા માટે અનેક નેતાઓ હોસપ્ટોલ પહોંચ્યા હતાં મોદીના માતૃશ્રીના ખબર અંતર પૂછવા માટે મુખ્યમંત્રી ભુરેન્દ્રભાઇ પટેલ પહોંચ્યા હતાં અહીં તેઓ એક કલાક ઉપરાંત રોકાયા હતાં અને તેમણે ડોકટરો સાથે વાતચીત કરી હીરાબાની તબિયત અંગે ડોકટરો પાસે પુછપરછ કરી હતી હોસ્પિટલમાં હીરીબાની સાથે મોદીના પરિવારના સભ્યો હાજર હતાં. પંકજમોદી અને સોમાભાઇ મોદી પણ હાજર હતાં આ ઉપરાંત આરોગ્ય મંત્રી ૠષિકેશ પટેલ, ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી, રાજયસભા સાંસદ પરિમલ નથવાણી, ધારાસભ્ય દર્શના વાઘેલા, કૌશિક વ્યાસ મુખ્ય સચિવ પંકજ કુમાર ઉપરાંત ભાજપના નેતાઓ હોદ્દેદારો સાંસદ સભ્યો ધારાસભ્યો મંત્રીઓ પણ હોસ્પિટલ પહોંચ્યા હતાં. પહોંચ્યા હતાં.તો બીજી તરફ, રાહુલ ગાંધીએ પણ હીરાબા વિશે ટ્વીટ કરી કે, એક માતા અને દીકરાની વચ્ચેનો પ્રેમ અનંત અને અનમોલ છે. મોદીજી, આ કપરા સમયમાં મારો પ્રેમ અને સમર્થન તમારી સાથે છે. હું આશા કરુ છું કે, તમારા માતાજી જલ્દીમાં જલ્દી સાજા થઈ જાય. પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ ટ્વીટ કરી કે, પ્રધાનમંત્રી મોદીના માતાના અસ્વસ્થ થવાના સમાચાર પ્રાપ્ત થયા. આ ઘડીમાં અમે સૌ એમની સાથે છીએ. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે તેઓ જલ્દીથી સ્વસ્થ થાય. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે પણ ટ્વીટ કરી કે, વડાપ્રધાન શ્રીના માતૃશ્રી પૂ.હીરાબા અસ્વસ્થ હોવાના સમાચાર મળ્યા. પૂ.હીરાબા ઝડપથી સ્વસ્થ થઈને ઘરે પરત ફરે તેવી ઈશ્વરને પ્રાર્થના.આ ઉપરાંત દેશભરમાં પણ ભાજપના કાર્યકરોએ હીરાબાની તબિયત સારી થાય તે માટે પ્રાર્થના કરવામાં આવી રહી છે.આ પહેલાં ૨૦૧૬માં નરેન્દ્ર મોદીનાં માતા હીરાબાની તબિયત લથડી હતી. તેમને ૧૦૮ બોલાવી ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયાં હતાં. એટલું જ નહિ, હોસ્પિટલના જનરલ વાર્ડમાં તેમની તપાસ સામાન્ય દર્દીઓની જેમ જ થઈ હતી. તેમને ૧૦૮માં તેના કર્મચારીઓ સ્ટ્રેચર પર સૂવડાવીને હોસ્પિટલ લઈ ગયા હતા અને જનરલ વોર્ડમાં જ દાખલ કરાયાં હતાં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં માતા હીરાબા ૧૮ જૂને ૧૦૦ વર્ષનાં થયાં હતાં. તેમનો જન્મ ૧૮ જૂન ૧૯૨૩ના રોજ થયો હતો. વડાપ્રધાન મોદી ૧૮ જૂને માતા હીરાબાને સવારે તેમના ગાંધીનગરના નિવાસસ્થાને મળ્યા હતા અને મા સાથે ૪૫ મીનિટ બેઠા હતા.

હીરાબા એ અનેક મુશ્કેલીઓનો સામનો કરીને પોતાના બાળકોને ઉછેર્યા. પીએમ મોદી પણ પોતાની માતાના સંઘર્ષનો ઉલ્લેખ કરવાનું ક્યારેય ભૂલતા નથી. સપ્ટેમ્બર ૨૦૧૫માં જ્યારે પીએમ મોદી અમેરિકાની મુલાકાતે ગયા હતા ત્યારે તેમણે ફેસબુકના સ્થાપક માર્ક ઝકરબર્ગ સાથે ટાઉનહોલ સેશન કર્યું હતું. આ દરમિયાન પીએમ મોદીએ તેમની માતાના સંઘર્ષનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેમના પિતાજી હવે આ દુનિયામાં રહ્યા નથી. પરંતુ પોતાના છ બાળકોને ઉછેરવા અને ખવડાવવા માટે મારી માતા અન્યના ઘરમાં વાસણો સાફ કરતી હતી, પાણી ભરવાનું કામ કરતી હતી.

એ યાદ રહે કે કર્ણાટકમાં મંગળવારે બપોરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાઈ પ્રહલાદ મોદીની કારને અકસ્માત નડ્યો હતો. કારમાં પ્રહલાદ મોદી સહિત તેમના પુત્ર મેહુલ મોદી, પુત્રવધૂ જીનલ મોદી અને પૌત્ર મહાર્થ મોદી સહિત ૫ લોકો સવાર હતા. દરેક વ્યક્તિ ઘાયલ થયા છે.

## યુપીના તમામ મહાનગરોમાં સ્પેશલ ફૂડ સ્ટ્રીટ,દેશભરના ભોજનનો રાજયના લોકો લુત્ફ ઉઠાવી શકશે

### ફૂડ સ્ટ્રીટ્સ લોકોને અલગ અલગ રાજયોના ખાનપાન અને પરિવેશથી પરિચિત કરાવશે

લખનૌ,તા.૨૮

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું છે કે ભારતના અલગ અલગ રાજયોના ખાનપાન ભલે જ અલગ અલગ હોય પરંતુ આ ખાનપાન બાદનો સ્વાદ અને ઉર્જા છે તે એક જેવો જ હોય છે.

રાજયના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે દરેક મહાનગરની અંદર ખાન પાનની એક એવી ગલી બનાવો જયાં લોકોને વિવિધ સમાજોથી જોડાયેલ ખાન પાનની વસ્તુ મળી શકે

મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે આ ફૂડ સ્ટ્રીટ્સ લોકોને અલગ અલગ રાજયોના ખાનપાન અને પરિવેશથી પરિચિત કરાવશે તેમણે કહ્યું કે લોકો પરિવારની સાથે જઇ જોઇ પણ શકશે કે જો તેમને તમિલનાડુ જવું છે તો ત્યાં ભોજનમાં શું મળશે,પંજાબ જવું છે તો ત્યાં શું મળશે અને કેરલ,ઉત્તરાખંડ જેવી જગ્યાએ પર જવું છે તો શું ભોજન મળશે કારણ કે આ તમામ ખાનપાન વિશિષ્ટ છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે એવો પ્રયાસ થવો જોઇએ કે કેટલીક સ્પેશલ ગલીઓ બને જે ખાનપાન પણ હોય મલયાલમ પણ હોય,તેલુગુ પણ હોય રાજસ્થાની પણ હોય,પંજાબી પણ હોય સિંધી પણ હોય ઉત્તરાખંડી પણ હોય અને ઉત્તરાખંડમાં પણ ગઢવાલનો પણ હોય કુમાઉનો પણ હોય જૌનસાર નો પણ હોય. મુખ્યમંત્રીએ કહ્યું કે આવું જ ઉતરપ્રદેશમાં ભોજપુર અવધ બુંદેલખંડ અને બ્રજનો પણ હોય આ તમામ સંસ્કૃતિઓ દેશની શક્તિ છે.આ સાથે જોડાયેલ આપણો ઈતિહાસ આપણુ ગૌરવ અને ગૌરવની અનુભૂતિ કોઇ પણ સમાજને આગળ વધારવાનું કાર્ય કરે છે.તેને સતત આગળ વધારવાની પણ જરૂરત છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે આપણે બધા જાણીયે છી કે ભારતની વિશેષતા છે કે તેમાં અનેકતા છે.ખાન પાન વેશભૂષા ભાષા આ બધામાં અનેકતા છે પરંતુ ભાવ અને ભંગિમા આપણે બધા એક છીએ. કાશી તમિલ સંગમનો ઉલ્લેખ કરતા કહ્યું કે મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે સમાજની સંસ્કૃતિ જ તેની આત્મા છે જે આપણને બધાને એક સુત્રમાં બાંધે છે.

## કર્ણાટકઃ મૈસુર ચર્ચમાં બદમાશોએ તોડફોડ કરી, ઈસુની મૂર્તિને નુકસાન પહોંચાડ્યું

મૈસુર,તા.૨૮

નાતાલના બે દિવસ બાદ કર્ણાટકના મૈસૂરમાં એક ચર્ચમાં તોડફોડનો મામલો સામે આવ્યો છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, મોડી રાત્રે પીરિયાપટના વિસ્તારમાં સ્થિત સેન્ટ મેરી ચર્ચમાં ઘૂસીને અજાણ્યા બદમાશોએ તોડફોડ કરી હતી અને ભગવાન જીસસની મૂર્તિ ઉપરાંત ત્યાં રાખવામાં આવેલી વસ્તુઓને નુકસાન પહોંચાડ્યું હતું. ચર્ચના પાદરી બહારગામ ગયા હતા ત્યારે આ ઘટના બની હતી.મૈસુરના પોલીસના જણાવ્યા પ્રમાણે ચર્ચમાં તોડફોડ કરનારા બદમાશોને પકડવા માટે એક ટીમ બનાવવામાં આવી છે. નજીકમાં લગાવેલા સીસીટીવી કેમેરાની પણ તપાસ કરવામાં આવી રહી છે. બદમાશોએ ચર્ચમાં રાખવામાં આવેલી દાન પેટી અને અન્ય કેટલીક વસ્તુઓ ચોરી લીધી છે. તપાસ ચાલુ છે.વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, "પ્રાથમિક દૃષ્ટિએ ચોરીનો મામલો લાગે છે, પરંતુ આ કેસની તમામ એંગલથી તપાસ કરવામાં આવી રહી છે. બે દિવસ પહેલા શહેરમાં કેટલાક ઘરમાં ચોરી થઇ હતી આ મામલામાં પણ એ બદમાશોની સંડોવણીની શંકા છે."આ પહેલા પણ દેશના અલગ અલગ વિસ્તારોમાં ચર્ચ પર હુમલાના બનાવો બન્યા છે. આ વર્ષે સપ્ટેમ્બરમાં, પંજાબના તરનતારન જિલ્લાના પટ્ટી વિસ્તારના એક ચર્ચમાં લોકોનું ટોળું બળજબરીથી ઘૂસી ગયું હતું અને ભગવાન ઈસુ અને માતા મેરીની મૂર્તિઓની તોડફોડ કરી હતી. બદમાશોએ પાદરીની કારને આગ લગાવી હતી. અમૃતસર જિલ્લાના દાદુઆના ગામમાં ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં કથિત રીતે હોબાળો કરવા બદલ કેટલાક નિહંગો સામે એફઆઈઆર દાખલ થયાના બે દિવસ બાદ આ ઘટના બની હતી.

## દેવાળિયા પાકિસ્તાનના અમેરિકા સ્થિત દૂતાવાસની ઈમારત ખરીદવા ભારતીયે બોલી

નવીદિલ્હી,તા.૨૮

આર્થિક રીતે ભાંગી પડેલા પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે અમેરિકા આવેલ તેમના દૂતાવાસની ઈમારતને વેચવાની મંજૂરી આપી હતી. હવે તેને ખરીદવા માટે બોલી પણ લગાવવામાં આવી છે. એક ભારતીય પ્રોપર્ટી એજન્ટે પણ આ ઈમારત ખરીદવા માટે બિડ લગાવી છે. પાકિસ્તાનના દૂતાવાસની ઈમારત ખરીદવા માંગનારાઓમાં કુલ ત્રણ બિડર્સ છે. આ ઈમારત અમેરિકાની રાજધાની વોશિંગ્ટનના પોશ વિસ્તારમાં આવેલી છે અને તેની કિંમત લગભગ ૬ મિલિયન યુએસ ડોલર હોવાનું કહેવાય છે.

પાકિસ્તાને વેચવા કાઢેલ ઈમારતમાં અગાઉ પાકિસ્તાનના દૂતાવાસનું સંરક્ષણ વિભાગ કામ કરતું હતું. પાકિસ્તાનના મીડિયા રિપોર્ટ મુજબ, ભારતીય પ્રોપર્ટી એજન્ટે કથિત રીતે ઈ૫ મિલિયન (રૂ. ૪૧.૪૨ કરોડ)ની બોલી લગાવી છે. અમેરિકાની રાજધાની વોશિંગ્ટન સ્થિત પાકિસ્તાની રાજદ્વારી સૂત્રોને ટાંકિને અહેવાલમાં જણાવ્યું છે કે લગભગ ઈ૬.૮ મિલિયન (રૂ. ૫૬.૩૩ કરોડ)ની સૌથી વધુ બોલી એક યહૂદી જૂથે લગાવી હતી. આ યહૂદી જૂથ આ ઈમારતમાં સિનેગોગ એટલે કે પ્રાર્થના કરવાનું સ્થળ બનાવવા માંગે છે. લગભગ ઈ૪ મિલિયન (રૂ. ૩૩.૧૩ કરોડ)ની ત્રીજી બોલી પાકિસ્તાની પ્રોપર્ટી એજન્ટની છે.

પાકિસ્તાની દૂતાવાસના અધિકારીઓએ કહ્યું છે કે વોશિંગ્ટનમાં પાકિસ્તાનની ત્રણ રાજદ્વારી મિલકતો આવેલી છે. જેમાંથી એક આર સ્ટ્રીટ ન્ઉ પરની ઈમારત છે. જે વેચાઈ રહી છે. ૧૯૫૦ના દાયકાથી લઈને ૨૦૦૦ના દાયકાની શરૂઆત સુધી પાકિસ્તાન એમ્બેસીના ડિફેન્સ સેક્શન આ બિલ્ડિંગમાં બેસીને કામકાજ કરતુ હતું.

જો કે, પાકિસ્તાની અધિકારીઓએ મીડિયા રિપોર્ટ પ્રકાશીત કરનારને એવુ જણાવ્યું હતુ કે નવા કે જૂના કોઈ દૂતાવાસને વેચવાના નથી.દૂતાવાસના અધિકારીએ જણાવ્યું કે તે ખૂબ જ જૂની ઈમારત છે અને છેલ્લા ૧૫ વર્ષથી ખાલી છે. પાકિસ્તાનના માહિતી અને પ્રસારણ પ્રધાન મરિયમ ઔરંગઝેબે કહ્યું હતું કે, કેબિનેટે વોશિંગ્ટનમાં આવેલ પાકિસ્તાની દૂતાવાસની માલિકીની ઈમારતની હરાજી કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ઈ૪.૫ મિલિયનની અગાઉની બિડને હવે ૬.૯ મિલિયનની બીજી બિડ દ્વારા બદલવામાં આવી છે.

## જમ્મુ કાશ્મીરમાં ત્રણ આતંકવાદી ઠાર, ટ્રકમાં છુપાઈને જમ્મુ ઘૂસ્યા હતા

જમ્મુ,તા.૨૮

જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓ ફરી એકવાર તેમના નાપાક ઈરાદાને અંજામ આપે તે પહેલા જ ઠાર થયા છે જમ્મુના સિધ્રા વિસ્તારમાં આજે વહેલી સવારથી જ સુરક્ષાદળોની આતંકવાદીઓ સાથે અથડામણ થઈ હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સવારે લગભગ ૭.૩૦ વાગે ગોળીબારનો અવાજ આવ્યો હતો. ત્યારબાદ સુરક્ષા દળો ઘટનાસ્થળે પહોંચી ગયા હતો. જમ્મુ ઝોનના છઙ્ઘય્ મુકેશ સિંહે જણાવ્યું છે કે આ વિસ્તારમાં ૨ થી ૩ આતંકીઓ છુપાયેલા હોવાની માહિતી મળી હતી. સૈન્ય અને પોલીસે હાથ ધરેલા સંયુક્ત ઓપરેશન બાદ હવે માહિતી સામે આવી રહી છે કે ત્રણેય આતંકીઓને ઠાર થયા છે.

જે વિસ્તારમાં એન્કાઉન્ટર હાથ ધરવામાં આવ્યું હતું તે સુરક્ષાની દ્રષ્ટિએ ખૂબ જ સંવેદનશીલ હોવાનું કહેવાય છે. એનઆઈએએ અહીં ઘણી વખત દરોડા પાડ્યા છે. અહીંથી ઘણા આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે. સેનાએ આતંકીઓને ચારે બાજુથી ઘેરી લીધા હતા. મળતી માહિતી મુજબ તેઓ એક ટ્રક દ્વારા અહીં પહોંચ્યા હતા. આતંકીઓ એક ઘરમાં ઘૂસી ગયા હતા અને ત્યાંથી તેઓ સુરક્ષાદળ ઉપર ફાયરિંગ કરી રહ્યા હતા.

કાશ્મીર ખીણમાં સેના અને પોલીસ દળ સાથે મળીને આ આતંકવાદીઓ માટે અવરોધક બની ગયા છે. સુરક્ષા એજન્સીઓના ઈનપુટ બાદ સવારે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. આ આતંકવાદીઓ ટ્રકમાં છુપાઈને આવ્યા હતા. ત્રણેય આતંકીઓને ઘેરીને ઠાર કરવામાં આવ્યા છે. આ પહેલા ૨૦ ડિસેમ્બરે જમ્મુ અને કાશ્મીરના શોપિયાં જિલ્લામાં સુરક્ષાદળોએ એન્કાઉન્ટરમાં લશ્કર-એ-તૈયબાના ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

ડીજીપી વિજય કુમારે કહ્યું કે ત્રણમાંથી બે આતંકવાદીઓની ઓળખ થઈ હતી અને તેઓ કાશ્મીરમાં બિન કાશ્મીરી નાગરિકોની હત્યામાં સામેલ હતા. એક આતંકવાદીની ઓળખ લતીફ લોન તરીકે થઈ હતી. જે કથિત રીતે કાશ્મીરી પંડિત પુરણ કૃષ્ણ ભટ્ટની હત્યામાં સામેલ હતો.

## ભારતની રક્ષા નિકાસમાં મોટી સફળતા,'બ્રહ્મોસ' મિસાઈલ ખરીદનાર ફિલિપાઈન્સ પ્રથમ દેશ બન્યો

### ફિલિપાઈન્સ નેવીએ ભારત પાસેથી ૩૭૪ મિલિયન ડોલરમાં બ્રહ્મોસની ત્રણ બેટરીઓ ખરીદી

નવીદિલ્હી,તા.૨૮

બ્રહ્મોસ એરોસ્પેસ પ્રાઈવેટ લિમિટેડે ફિલિપાઈન્સ નેવીના મરીન કોર્પ્સ ને બ્રહ્મોસ શોર-આધારિત એન્ટિ-શિપ મિસાઈલ સિસ્ટમનો પુરવઠો શરૂ કર્યો છે. ૨૯૦ કિમીની રેન્જ સાથે, તે દક્ષિણ ચીન સમુદ્રના ભાગોને આવરી લેવા માટે પૂરતું સારું છે. ફિલિપાઈન્સ નેવીએ ભારત પાસેથી ૩૭૪ મિલિયન ડોલરમાં બ્રહ્મોસની ત્રણ બેટરીઓ ખરીદી છે. ત્યારબાદ, વિયેતનામ, ઈજિપ્ત અને ઓમાન સહિતના ઘણા દેશોએ 'બ્રહ્મોસ' મિસાઈલોની ખરીદીમાં ખૂબ રસ દાખવ્યો છે.

બ્રહ્મોસ એરોસ્પેસ પ્રાઈવેટ લિમિટેડએ ફિલિપાઈન્સને સુપરસોનિક 'બ્રહ્મોસ' ક્રૂઝ મિસાઈલ સિસ્ટમની સપ્લાય માટે ગયા વર્ષે ૨૮ જાન્યુઆરીએ ફિલિપાઈન્સના રિપબ્લિકના રાષ્ટ્રીય સંરક્ષણ વિભાગ સાથે ઔપચારિક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. ફિલિપાઈન્સે તેની નૌકાદળ માટે કિનારા-આધારિત એન્ટિ-શિપ મિસાઈલ સિસ્ટમ માટે કરાર પર હસ્તાક્ષર કર્યા. સુપરસોનિક બ્રહ્મોસ મિસાઈલો ખરીદવાનો ઈ૩૭૪ મિલિયનથી વધુનો કરાર ભારત સાથેનો સૌથી મોટો અને પ્રથમ વિદેશી સોદો હતો. બંને દેશોએ માર્ચ ૨૦૨૦ના રોજ એક મોટા સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

ઓગસ્ટ ૨૦૨૦માં કેન્દ્ર સરકારે સુપરસોનિક ક્રૂઝ 'બ્રહ્મોસ' મિસાઈલોને ત્રીજા દેશોમાં નિકાસ કરવા માટે લીલી ઝંડી આપી હતી. ત્યારબાદ, ફિલિપાઈન્સે ડિસેમ્બર ૨૦૨૧ના રોજ બે વિશેષ ફાળવણીના પ્રકાશન ઓર્ડર જારી કર્યા, એક ૧.૩ અબજ (રૂ. ૧૯૦ કરોડ) માટે અને બીજો ૧.૫૩૫ અબજ (રૂ. ૨૨૪ કરોડ) માટે. ફિલિપાઈન્સની નૌકાદળને નિકાસ કરવામાં આવનાર બ્રહ્મોસ મિસાઈલના મેરીટાઇમ વર્ઝનની 'સામાન્ય રેન્જ' ૨૯૦ કિમી હશે. ફિલિપાઈન્સ ઉપરાંત વિયેતનામ, ઈજિપ્ત અને ઓમાન સહિતના અનેક દેશોએ બ્રહ્મોસ મિસાઈલ ખરીદવામાં ખૂબ રસ દાખવ્યો છે.

બ્રહ્મોસ ક્રુઝ મિસાઈલ ડીલ બાદ ભારતે હવે ફિલિપાઈન્સ આર્મીની આર્ટિલરી સિસ્ટમને અપગ્રેડ કરવાની સાથે એર ડિફેન્સ સિસ્ટમ ખરીદવાની ઓફર કરી છે. ફિલિપાઈન્સ તેની લડાયક ક્ષમતાને વધારવા માટે ભારત પાસેથી એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર (ALH)ની બેચ પણ ખરીદી રહ્યું છે.

દક્ષિણ ચીન સાગરમાં ચીન સાથે દાયકાઓથી ચાલી રહેલા પ્રાદેશિક વિવાદો સહિત સુરક્ષા પડકારોને પહોંચી વળવા ફિલિપાઈન્સ તેની સેનાના આધુનિકીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં દ્વિપક્ષીય સંરક્ષણ અને સુરક્ષા સંબંધોએ વેગ પકડ્યો છે, ખાસ કરીને દરિયાઈ ક્ષેત્રમાં. ભારત અને ફિલિપાઈન્સે તાજેતરમાં તેમના દ્વિપક્ષીય સંરક્ષણ અને સુરક્ષા સહયોગમાં વધારો કર્યો છે.

## તંત્રી સ્થાનેથી...

# ગળાકાપ પ્રતિસ્પર્ધામાં હોમાતાં જીવન

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોનો એક રિપોર્ટ હાલમાં આવ્યો છે જેમાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ આત્મહત્યાઓના આંકડા છે. તે અનુસાર ૨૦૨૨માં વિદ્યાર્થીઓએ સૌથી વધુ આત્મહત્યાઓ કરી છે. ૨૦૨૧ના મુકાબલે વિદ્યાર્થીઓની આત્મહત્યાઓમાં આ વર્ષે ૪.૫ ટકાનો વધારો નોંધાયો. આંકડા એ પણ દર્શાવે છે કે ૨૦૧૬થી ૨૦૨૧ વચ્ચે છાત્ર આત્મહત્યાના કિસ્સામાં ૨૭ ટકાનો વધારો થયોછે. આ વર્ષે મહારાષ્ટ્ર અને તમિલનાડુની તુલનામાં છાત્રોએ રાજસ્થાનના કોટામાં સૌથી વધારે આત્મહત્યાઓ કરી છે. આ વર્ષે એકલા કોટામાં જ અત્યાર સુધી ૧૫ આત્મહત્યાઓ થઈ છે. છેલ્લા એક અઠવાડિયામાં ત્યાં પ્રતિયોગી પરીક્ષાઓની તૈયારી કરી રહેલા ત્રણ સગીર છાત્રોએ પરીક્ષાના દબાણમાં આત્મહત્યા કરી લીધી. તેમાંથી બે બિહારના હતા અને કોટામાં આસપાસ રહેતા એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષાની તૈયારી કરી રહ્યા હતા. આ બંનેએ ગળાફાંસો ખાધો. ત્રીજો વિદ્યાર્થી મધ્ય પ્રદેશનો હતો, જે નીટની તૈયારી કરી રહ્યો હતો. તેણે ઝેર ખાઈને જીવ ગુમાવ્યો. નિશ્ચિતપણે દેશ અને સમાજ સામે આ ગંભીર ચિંતાનો વિષય છે.

સાચું એ છે કે છેલ્લા ચાર દાયકામાં કોટામાં કોચિંગ ક્લાસ એક ઉદ્યોગનું રૂપ લઈ ચૂક્યા છે. તેનું કુલ વાર્ષિક બજેટ લગભગ બેથી ત્રણ હજાર કરોડ રૂપિયા છે. કોટાની આ કોચિંગ સંસ્થાઓ આજે લાખોની રોજીરોટીનું સાધન તો બની છે, સાથે જ દેશના તમામ ટેક્નોક્રેટ પોતપોતાની સન્માનજનક ટેકનિકલ સંસ્થાઓ છોડીને આ સંસ્થાઓ સાથે જોડાઈ રહ્યા છે. કોટામાં એવી ફેકલ્ટીનો પગાર ૨૦ થી ૩૦ લાખ રૂપિયા વાર્ષિક છે, પરંતુ લાગે છે કે જાણે કોટા પરીક્ષાની તૈયારીઓની સાથે સાથે હવે આત્મહત્યાઓનું હબ પણ બની રહ્યું છે. કોટામાં જે પ્રકારે બાળકોમાં આત્મહત્યા કરવાનો ગ્રાફ વધી રહ્યો છે તેનાથી હવે કોટાની કોચિંગ વ્યવસ્થા પર સવાલ ઉઠવા શરૂ થઈ ગયા છે. છેલ્લા પાંચ વર્ષમાં કોટામાં ૭૭ છાત્રોએ આત્મહત્યા કરી છે. ભવિષ્યમાં આવી ઘટનાઓ વધવાની આશંકા જોવાઈ રહી છે.

કોટામાં દર વર્ષે લગભગ દોઢ લાખ કિશોર વિભિન્ન કોચિંગ સંસ્થાઓમાં પ્રવેશ લે છે. તેમનું સપનું ઉચ્ચ પ્રતિયોગી પરીક્ષાઓમાં બેસવા અને તેમને પાસ કરવા સાથે જોડાયેલું હોય છે. તેમના કોચિંગ પર દરેક વાલી દર વર્ષે સરેરાશ અઢીથી ત્રણ લાખ રૂપિયા ખર્ચ કરે છે. કેટલીય વાર વાલીઓએ તેના માટે લોન પણ લેવી પડે છે. તેથી કેટલીય વખત કોચિંગ કરતા છાત્રો પોતાના પરિવારની કમજોર આર્થિક સ્થિતિને લઈને પણ ઘણા દબાણમાં રહે છે. કેટલાય અધ્યાપક કોચિંગમાં સારું પ્રદર્શન કરનારા પ્રતિયોગી છાત્રોને પહેલી હરોળમાં બેસાડીને એમના પર વધુ ધ્યાન આપે છે. બીજી તરફ જે છાત્ર કોચિંગમાં સારું પ્રદર્શન નથી કરી શકતા તેમની સાથે રુક્ષ વ્યવહાર કરે છે. જોવા મળ્યું છે કે ક્યારેક અધ્યાપક આવા કમજોર છાત્રોની બેચ અલગ કરી દે છે. કેટલીય વાર કોચિંગ સંચાલક અને શિક્ષકો આ કમજોર બાળકોના વાલીઓને કેન્દ્ર પર બોલાવીને તેમની ખામીઓ બધા સામે ઉજાગર કરે છે અને તેમને પાછા લઈ જવાની વણમાગી સલાહ પણ આપી દે છે. કહેવાની જરૂર નથી કે ભયનું આ મનોવિજ્ઞાન આ બાળકોને નિરાશાથી ભરી દે છે. પોતાના પરિવારોથી દૂર રહીને કોચિંગ કરનારા આ છાત્ર એક અજાણ અને નવા પરિવેશને આત્મસાત કરવામાં પણ મુશ્કેલી અનુભવે છે. સાથે જ પ્રતિસ્પર્ધાની તીવ્ર હોડથી ઉપજતી નિરાશા ઓછી કરવામાં પરિવાર અને કોચિંગ સંસ્થા સાથે સંવાદનો અભાવ તેમને પોતાના જીવનથી હારવા મજબૂર કરે છે. બાકીની કસર પ્રતિયોગી છાત્રોની અસફળતા પૂરી કરી દે છે. અસલમાં આ પ્રતિયોગી પરીક્ષાઓમાં કોચિંગ છતાં સફળતાની ટકાવારી લગભગ ૧૦ ટકાની આસપાસ રહે છે.

પોષ

હિમ શિખર,  
જેવી ઠંડીગાર થયેલી સૃષ્ટિ,  
વસંતનો હૂંફાળો સ્પર્શ કરે.  
સઘળે જોમ ફેલાવે,  
સઘળે જુસ્સો ફેલાવે  
પતંગિયા રોમાન્સ ફેલાવે .  
ફૂલો આળસ મરડી,  
વાયરા સંગ ખેલા ખેલે.  
તડકાનો આસ્વાદ,  
પત્ની કરતાં પ્રિયકર ભાસે!!  
ઠંડી કામળાની જેમ,  
ખુદની જાતને ગડી કરે,  
વ્હાલી બેન પૂનમે  
અગાસીએ રાંધે,  
પછી ભાઈને પૂછે,  
બહેન રમે કે જમે?  
મસ્તીખોર ભાઈ,  
બહેનીને થોડી ચીડવે !!  
ચોમેર હર્ષ,  
ચોમેર ઉલ્લાસ,  
મન કહે હાશ,  
જીવન જીવવાની આશ.  
જુઓ કેવું ચમકે છે ઘાસ ,  
ખેતરોમાં કેવો લહેરાય છે ઉજાસ.  
ચાસણીમાં બોળ્યા છે ચાસ,  
મીઠા થઈ રહ્યા છે રાસ,  
કેવો પોષનો કમાલ??  
સંભળાય છે જાનના ઢોલ.!!  
જાનના વેલડાની,  
કેવી રેવાલ ચાલ છે!!  
જીંદગી ધમાલ છે,  
ખુશહાલ ચાલ છે,  
પોષની ધમાલ છે!!  
ભરત વૈષ્ણવ  
૨૮.૧૨.૨૦૨૨.

# ઝેરના ભાવ વધશે તો કોઇ સાંસદ સંસદમાં વિષપ્રાશન કરશે? રાજુ રદીનો સવાલ

" હા, ધિક છે! ધિક્કાર છે! લ્યાનત છે!" રાજુ રદીને દુર્વાસા મુનિ જેવો ક્રોધ ચડ્યો હતો. રાજુ રદી કૌશિક મુનિ જેવી કાતિલ નજરથી મને અપલક નિહાળી રહ્યો હતો. માનો કે હું બગલી હોઉને બળીને ભસ્મ થઇ જઉં. રાજુ રદી પગ પછાડતો પછાડતો ધમધમ કરતો મારા ઘરના દરવાજાને જંજીર ફિલ્મમાં અમિતાભ ખુરશીને લાત મારીને વિલનને બેસવા દેતો નથી તેમ લાત મારીને પ્રવેશ કર્યો. ( આડ વાત એ છે કે કેબીસીમાં વિલનોને- કોઇ પણ પ્રકારના હોય તેને આદરપૂર્વક હોટ સીટ પર બેસાડીને સવાલજવાબ કરે છે!!)

" છોકરીના બાપને ધિક્કાર નહીં. દીકરીનો બાપ સહાનુભૂતિને પાત્ર છે! દીકરીનો બાપ જાણી જોઇને દીકરીને તારા જેવા કૂવામાં ધકેલે નહીં તે ન્યોયોચિત છે!" મેં આજીવન વાંઢા રાજુની દુખતી નસ પર હાથ મુકયો.( બાય ધી વે કુંવારા અને વાંઢામાં ફરક છે. કુંવારાનું લગ્ન થવાની પ્રોજજવસ સંભાવના- શક્યતા રહેલી છે. જ્યારે વાંઢાના કેસમાં લગ્નની આશા નાભિ શ્વાસ પર હોય છે!!)

" ગિરધરભાઇ.નો પર્સનલ મેટર , પ્લીઝ!" બાજપાઇ જેવી લાચારી દર્શાવી.

"રાજુ. ઓકે યુધ્ધવિરામ." મેં રાજુને ક્ષમા વિરસ્ય ભૂષણમ જેવી ઉદારતાથી માફ કર્યો.

" રાજુ તું કોને ધિક્કાર કહેતો હતો? ઝેલેન્સકીને??"મેં પૂછયું.

"ના." રાજુએ હાઇકુ જેવો લાઘવયુક્ત જવાબ આપ્યો.

"પુતિન?"

"ના"

બાઇડન , જીનપિંગ?"

"ના"

નિતિશકુમાર?"

"ના. ભાઇ ના" રાજુએ કંટાળીને કહ્યું.

" ગિરધરભાઇ, સંસદમાં કંઇ વસ્તુ ખાઇ શકાય?"રાજુએ સવાલ કર્યો.

"રાજુ. સંસદમાં પગાર, ભથ્થા, એલાઉન્સ, વિકાસની ગ્રાંટ, મફત વિમાની પ્રવાસીની ટિકિટ ખાઇ શકાય." મેં થોડી સમજ આપી.

"વધારે?" રાજુએ સવાલ પૂછયો.

" સંસદમાં બગાસા ખવાય.છીંક ખવાય. ઉધરસ ખવાય.ઝોંકા ખવાય. શાસકપક્ષનું માથું ખવાય.ધોખો ખવાય." મેં કહ્યું!!

"હમણા સંસદમાં ગજબ થઇ ગયો. એક માથાફરેલ મહિલા સાંસદે સંસદમાં કાચું રીંગણ ખાધું . બેશરમે સ્પીકર કે પીએસને રીંગણ પણ ઓફર ન કર્યું. માની લઈએ કે સંસદ તો સાથે બેસીને ખાવાની ( બીજું આડુંઅવળું તમારા ખર્ચે અને જોખમે વિચારવાની માપસરની છૂટ છે.★ શરતો લાગુ! આપણે પગાર-ભથ્થા સૌનો સાથ સૌનો વિકાસ ફોર્મ્યુલા મુજબ સર્વાનુમતે વિના વિરોધે વધારી છીએ કે નહીં? )જગ્યા છે. પણ રાજકીય શિષ્ટાચાર નામની ચીજ હોય કે નહીં?? ?બાય ધી વે, રીંગણ ખાવા માટે સંસદના કયા નિયમ હેઠળ નોટીસ આપવી જરૂરી છે? વગર નોટીસે બાપાના બેક્કવેટ હોલની જેમ સંસદમાં રીંગણ ખાવાથી વિશેષાધિકાર ભંગ થાય કે નહીં? બિનસંસદીય શબ્દોના ઉચ્ચારણના કેસમાં રેકર્ડ તપાસીને શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.રીંગણના કેસમાં રીંગણનું ડીંટીયું બચ્યું હશે તો તેને રેકર્ડ પરથી કંઇ રીતે દૂર કરી શકાશે?"મેં કેટલાક એહમ સવાલ ઉઠાવ્યા.

" ગિરધરભાઇ. એ મહિલા સાંસદ રાષ્ટ્રવાદ, રાષ્ટ્રપ્રેમ કે આઝાદીના અમૃતમહોત્સવ કે એક રાજય ગુંડા મવાલીના ગંદા હાથમાંથી છૂટી લોકશાહી દ્રઢ થઇ એની વાત કરવાના બદલે ગેસ સિલિન્ડરના વધેલા ભાવ જેવા ક્ષુલ્લક મુદો ઉઠાવી લોકોએ રાંધેલી રસોઈને બદલે કાચું ખાવાની નોબત આવી છે એવું ઠસાવવા માંગે છે. હકીકતમાં તમામ રોગોનું કારણ વિરૂધ્ધ આહાર છે. રાંધવાને લીધે પોષક તત્વો નાશ પામે છે. વધારામાં ગેસ, મરી મસાલા, તેલ , બળતણ પાછળ ફિજુલ ખર્ચ થાય છે. મોલમાંથી લુઝ-અનપેકડ લોટ લઇ આવો( લોટ લુઝ હોવાથી જીએસટી નહીં લાગે! લો બચત થઇ ગઇ. લો બલ્લે બલ્લે હો ગઇ!!)અને લોટ ફાંકો.લોટ ફાંકતી વખતે હસવાની મનાઇ નથી, પરંતુ,તેનાથી જે પરિસ્થિતિ સર્જાય તેની જવાબદારી જ તે વ્યકિતની રહેશે ." રાજુએ મહિલા સાંસદની વર્તણૂકનું એનાલીસીસ કર્યું.

"રાજુ. તે નોટીસ કર્યું હશે કે તુવેરદાળ , ટમેટા, પેટ્રોલ, ડિઝલ, સિલિન્ડર, ચણાદાળ, લોટ, કોથમીર,લીંબુ વગેરેના ભાવો વધે તો સૌ હોબાળો કરે છે. પણ ઝેરના ભાવ વધે તો કોઇ હોહા કેમ કરતું નથી. ઝેરના ભાવો વધે તો સંસદમાં કેમ ધરણા પ્રદર્શન કરતું નથી??"મે રાજુને વેધક સવાલ કર્યો.

" ગિરધરભાઇ પેલા મહિલા સાંસદ ઝેરના ભાવ વધશે તો સંસદમાં વિષપ્રાશન કરશે ખરા??" આમ કહીને રાજુ રદીએ વિપક્ષની જેમ વોકઆઉટ કર્યું!!

ભરત વૈષ્ણવ

૨૮.૧૨.૨૦૨૨..#

હાસ્યલેખ

### કર્ણાટક સાથેનો સીમા વિવાદ મહારાષ્ટ્રના ઠરાવથી ફરી સળગ્યો

# કર્ણાટકના ૮૬૫ મરાઠીભાષી ગામડાને સામેલ કરવાનો મહારાષ્ટ્રે પ્લાન બનાવ્યો

મુંબઇ,તા.૨૮

ભાજપ શાસિત કર્ણાટક અને ભાજપનું સમર્થન ધરાવતી મહારાષ્ટ્ર સરકાર વચ્ચે સીમા વિવાદ વધુ ભડક્યો છે. હવે મહારાષ્ટ્ર વિધાનસભાએ કર્ણાટકના ૮૬૫ મરાઠી ભાષી ગામડાને કાનૂની રીતે મહારાષ્ટ્રમાં ભેળવી દેવા માટે સર્વસંમતીથી એક ઠરાવ પસાર કર્યો છે.કર્ણાટક વિધાનસભાએ રાજ્યના હિતોનું રક્ષણ કરવા અને પાડોશી રાજયને એક ઇંચ પણ જમીન ન આપવાનો ઠરાવ પસાર કર્યાના થોડા દિવસો બાદ આ મહારાષ્ટ્ર સરકારે આ પગલું ભર્યું છે. કર્ણાટકના ઠરાવમાં મહારાષ્ટ્ર દ્વારા 'સર્જિત' સરહદ વિવાદની પણ નિંદા કરવામાં આવી હતી. વિરોધ પક્ષના ઉદ્ધવ ઠાકરેએ પણ આ ઠરાવને સમર્થન આપ્યું છે. પરંતુ તેમણે એક માગણી પણ મુકી હતી.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કર્ણાટકના પગલાની નિંદા કરવા માટે વિધાનસભાના બંને ગૃહોમાં ઠરાવ દાખલ કર્યો હતો અને પડોશી રાજ્ય પર હેતુપૂર્વક સરહદ વિવાદને વેગ આપવાનો આરોપ મૂક્યો હતો. મહારાષ્ટ્ર વિધાનસભામાં પસાર કરાયેલા ઠરાવમાં કહેવામાં આવ્યું છે કે, રાજ્ય સરકાર મરાઠી ભાષી લોકો રહે તેવા ૮૬૫ ગામડા તથા બેલગામ, કારવાર, નિપાની, બિદર અને ભાલ્કીના લોકોના સંપૂર્ણ સમર્થનમાં છે. આ અંગે સુપ્રીમ કોર્ટમાં પણ લડાઈ ચાલે છે. રાજ્ય સરકાર બેલગામ, કારવાર બિદર, નિપાની, ભાલકી સહિતના શહેરો અને કર્ણાટકના મરાઠી ભાષી ૮૬૫ ગામોની દરેક ઇંચ જમીનનો મહારાષ્ટ્રમાં સમાવેશ કરવા માટે સુપ્રીમ કોર્ટમાં કાનૂની લડાઈ લડશે.

મહારાષ્ટ્રના ઠરાવમાં કહેવામાં આવ્યું છે કે બંને રાજ્યોના મુખ્ય પ્રધાનો કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા હતા, ત્યારે નિર્ણય લેવામાં આવ્યો હતો કે જ્યાં સુધી સુપ્રીમ કોર્ટ આ મામલામાં પોતાનો ચુકાદો ન આપે ત્યાં સુધી તે સુનિશ્ચિત કરવું જોઈએ કે આ મુદ્દો વધુ વકરે નહીં. જો કે, કર્ણાટક સરકારે તેની રાજ્ય વિધાનસભામાં એક ઠરાવ પસાર કરીને વિપરીત વલણ અપનાવ્યું છે. ઠરાવમાં એવી પણ માગણી કરવામાં આવી છે કે કેન્દ્ર સરકારે કર્ણાટક સરકારને સરહદી વિસ્તારોમાં મરાઠી લોકોની સુરક્ષાની ખાતરી આપવા માટે આદેશ આપવો જોઈએ. મંત્રી અબ્દુલ સત્તારના રાજીનામાની વિપક્ષની માંગ વચ્ચે મહારાષ્ટ્ર વિધાનસભા દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી. નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિધાનસભામાં જણાવ્યું હતું કે આ કેસ સુપ્રીમ કોર્ટ સમક્ષ પેન્ડિંગ છે અને તે પણ સુનિશ્ચિત કરવું પડશે કે માંગણી રજૂ કરતી વખતે કોર્ટની અવમાનના ન થાય, કારણ કે આ મામલો ન્યાયાધીન છે.

સરહદનો મુદ્દો છેક ૧૯૫૭નો છે. તે સમયે ભાષાના આધારે રાજ્યોનું પુર્નગઠન કરવામાં આવ્યું હતું તત્કાલીન મહારાષ્ટ્ર સરકારે કર્ણાટક સાથેની તેની સરહદને પુર્નગઠન કરવાની માંગ કરી હતી. આ પછી બંને રાજ્યો દ્વારા ચાર સભ્યોની સમિતિની રચના કરવામાં આવી હતી. મહારાષ્ટ્રે બેલાગવી પર દાવો કર્યો હતો, કારણ કે તે અગાઉના બોમ્બે પ્રેસિડેન્સીનો એક ભાગ હતો અને તેમાં મોટી સંખ્યામાં મરાઠી ભાષી વસ્તી છે. તેને ૮૦૦થી વધુ મરાઠી-ભાષી ગામો પર પણ દાવો કર્યો જે હાલમાં કર્ણાટકનો ભાગ છે.

શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ)એ મંગળવારે મહારાષ્ટ્ર વિધાનસભામાં માંગ કરી હતી કે સુપ્રીમ કોર્ટ આ મુદ્દે ચુકાદો ન આપે ત્યાં સુધી ૮૬૫ ગામોને કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે જાહેર કરવામાં આવે. જોકે મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે ઉદ્ધવ ઠાકરેની ટીકા કરતાં જણાવ્યું હતું કે ઉદ્ધવ ઠાકરેએ મુખ્યમંત્રી તરીકે ૨.૫ વર્ષ સુધી કંઈ કર્યું નથી. સરહદનો વિવાદ અમારી સરકાર સત્તા પર આવી તે પહેલાનો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં અગાઉની સરકાર વર્ષોથી ચાલી રહેલા સરહદ વિવાદ માટે એકનાથ શિદને સરકારને જવાબદાર બનાવી રહી છે.

કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્માઈએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, રાજ્યની એક ઇંચ જમીન પણ મહારાષ્ટ્રને આપવામાં નહીં આવે. બેલગાવી મુદ્દે મહારાષ્ટ્ર વિધાનસભામાં કરાયેલા ઠરાવના જવાબમાં તેમણે કહ્યું હતું કે, 'કર્ણાટક સરકાર તેની જમીનના દરેક ટુકડાનું રક્ષણ કરવા કટિબદ્ધ છે.' કર્ણાટક અને મહારાષ્ટ્ર વચ્ચે છેલ્લા કેટલાક સમયથી બેલગાવી મુદ્દે ઘર્ષણ ચાલી રહ્યું છે. બેલગાવીના કેટલાક ભાગોમાં નોંધપાત્ર પ્રમાણમાં મરાઠી લોકોની વસ્તી છે. કર્ણાટકના મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, 'મહારાષ્ટ્રની વિધાનસભામાં થયેલા ઠરાવનું કોઈ મૂલ્ય નથી.' તેમણે દાવો કર્યો હતો કે, 'સુપ્રીમ કોર્ટમાં તેમનો (મહારાષ્ટ્ર) કેસ નબળો હોવાથી તે આવું કરી રહ્યા છે. કર્ણાટક વિધાનસભાનો ઠરાવ બહુ સ્પષ્ટ છે અને રાજ્યએ અપનાવેલું વલણ બંધારણ અને કાયદાની રીતે યોગ્ય છે.'

### ઉત્તરાખંડનો જોશીમઠ ડૂબવાની તૈયારીમાં?

## બદ્રીનાથ પ્રવેશદ્વાર પાસેનાં અનેક ઘર, દુકાનો અને હોટલોમાં એકાએક તિરાડો પડી ગઈ





બદ્રીનાથ,તા.૨૮

ચારધામના પ્રમુખ ધામ બદ્રીનાથના પ્રવેશદ્વાર કહેવાતા ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના જોશીમઠ શહેર પર ડૂબવાનું જોખમ છે. અહીં લગભગ એક વર્ષમાં ૫૦૦ ઘર, દુકાન અને હોટલમાં તિરાડો પડી છે. આ કારણે એ રહેવાલાયક રહ્યાં નથી. શહેરના લોકોની આંદોલનની ધમકી પછી વહીવટી તંત્રએ ભૂવૈજ્ઞાનિક, એન્જિનિયર અને અધિકારીઓની ૫ સભ્યની ટીમે તિરાડની તપાસ કરી.આ પાંચ સભ્યની ટીમમાં જોશીમઠના નગરપાલિકા અધ્યક્ષ શૈલેન્દ્ર પવાર, એસડીએમ કુમકુમ જોશી, ભૂવૈજ્ઞાનિક દીપક હટવાલ, કાર્યપાલક એન્જિનિયર(સિંચાઈ) અનૂપ કુમાર ડિમરી અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન અધિકારી એન.કે.જોષી સામેલ હતા. વાસ્તવમાં ૨૪ ડિસેમ્બરના રોજ જોશીમઠના લોકોએ વહીવટી તંત્ર પર શહેરને બચાવવાને લઈને પગલાં ન ભરવાનો આરોપ લગાવી વિરોધ માર્ચ કાઢી હતી. આ પછી વહીવટી તંત્રએ ટીમ બનાવી. પેનલે અવલોકન કર્યું કે જોશીમઠના કેટલાક ભાગો માનવસર્જિત અને કુદરતી કારણોને લીધે ડૂબી રહ્યા છે. વૃક્ષો અને પહાડો કપાવાને કારણે ભૂસ્ખલન પણ થાય છે. જોશીમઠના લગભગ તમામ વોર્ડમાં આયોજન વગર ખોદકામ થઈ રહ્યા છે, જેને કારણે મકાન અને દુકાનમાં તિરાડ જોવા મળી રહી છે.ચમોલીના જિલ્લા અધિકારી હિમાંશુ ખુરાનાએ ટીમને જોશીમઠ મોકલી. તેમણે કહ્યું હતું કે અધિકારીઓને એક સ્ટ્રક્ચરલ એન્જિનિયર પાસેથી સલાહ લઈ તાત્કાલિક સુરક્ષાનાં પગલાં લેવા આદેશ આપ્યો છે. જિલ્લા સૂચના અધિકારી રવીન્દ્ર નેગીએ કહ્યું હતું કે જિલ્લાધિકારીએ ટીમને જોશીમઠ માટે ડ્રેનેજ સિસ્ટમ સ્કીમ બનાવવા કહ્યું છે. આ ઉપરાંત અલકનંદા નદીમાંથી થતા ધોવાણને રોકવા માટે જોશીમઠની તળેટીમાં મારવાડી પુલ અને વિષ્ણુપ્રયાગ વચ્ચે સુરક્ષા દીવાલ બનાવવાની દરખાસ્ત તૈયાર કરવા પણ કહેવામાં આવ્યું છે.

## ગણતંત્ર દિવસ પર નવજોત સિંહ સિદ્ધુ જેલમાંથી મુક્ત થઈ શકે છે, ૪ મહિનાની જેલની સજા ઓછી થશે

નવીદિલ્હી,તા.૨૮

કોંગ્રેસ નેતા નવજોત સિંહ સિદ્ધુ તેમની એક વર્ષની સજા પૂરી થવાના ૪ મહિના પહેલા ૨૬ જાન્યુઆરીએ જેલમાંથી બહાર આવી શકે છે. પંજાબમાં પ્રજાસત્તાક દિવસના અવસર પર જેલમાંથી બહાર મોકલવા માટે તૈયાર કરવામાં આવેલા ૫૧ કેદીઓમાં નવજોત સિંહ સિદ્ધુ પણ સામેલ છે. ૧૯૮૮ના રોડ રેજ કેસમાં તેને ૧ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. જો કે, તેના સારા વર્તન અને બાકીની રજાઓને ધ્યાનમાં રાખીને, જેલ પ્રશાસન તેને ૮ મહિનામાં મુક્ત કરવાનું વિચારી રહ્યું છે.

સૂત્રોનું કહેવું છે કે જે કેદીઓની મુક્તિ કરવામાં આવી છે તેની યાદી મંત્રી પરિષદની બેઠકમાં રજૂ કરવામાં આવશે.મંત્રી પરિષદની મંજૂરી બાદ આ યાદી રાજયપાલને મંજૂરી માટે મોકલવામાં આવશે. નવજોત સિંહ સિદ્ધુને વિશેષ રાહત આપવાના સવાલ પર જેલ પ્રશાસને કહ્યું કે અમે એવું કંઈ નહીં કરીએ. જેલ પ્રશાસનના એક સૂત્રએ જણાવ્યું કે, 'રાજય સરકાર દ્વારા નવજોત સિદ્ધુને કોઈ ખાસ રાહત આપવામાં આવશે નહીં. કેદીઓને મુક્ત કરવા માટે નિશ્ચિત નિયમો છે. આ યાદીમાં એવા કેદીઓને સામેલ કરવામાં આવ્યા છે, જેમણે પોતાની સજા પૂરી કરી લીધી છે પરંતુ દંડ ન ભરવાને કારણે હજુ પણ જેલમાં છે. આ સિવાય કેટલાક એવા કેદીઓ છે જેમણે ૬૦ થી ૭૦ ટકા સજા પૂરી કરી છે અને તેમનું વર્તન સારું હોવાનું જાણવા મળ્યું છે.કેદીઓની મુક્તિ પ્રક્રિયા અંગે એક નિયમ છે કે જેલ પ્રશાસનને મેન્યુઅલ આપવામાં આવે છે. આ અંતર્ગત નક્કી કરવામાં આવે છે કે કયા કેદીઓને મુક્ત કરી શકાય છે. રાજ્ય સરકાર તરફથી કેદીઓની મુક્તિ માટેની નિયત નીતિઓ ઉપરાંત કેન્દ્ર સરકારની પણ એક નીતિ છે. આ અંતર્ગત ૧૫ ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરીએ કેદીઓને મુક્ત કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, આ વર્ષે મે મહિનામાં સુપ્રીમ કોર્ટે નવજોત સિદ્ધુને એક વર્ષની જેલની સજા સંભળાવી હતી. આ પછી, ૨૦ મેના રોજ નવજોત સિંહ સિદ્ધુએ જિલ્લા અદાલતમાં આત્મસમર્પણ કર્યું અને તેમને પટિયાલાની જેલમાં મોકલવામાં આવ્યા.

### સુશાંતની આંખ પર મુક્કા મારવામાં આવ્યા હતાઃ

# ઉદ્ધવ સરકાર પર વિશ્વાસ નહોતો, એટલે સામે ના આવ્યો' : ઓટોપ્સી સ્ટાફે કહ્યુ

મુંબઈ,તા.૨૮

સુશાંત સિંહ રાજપૂતના મોત અંગે કૂપર હોસ્પિટલના ઓટોપ્સી સ્ટાફે ચોંકાવનારો દાવો કર્યો હતો. સ્ટાફે કહ્યું હતું કે જ્યારે સુશાંતની બૉડીને પોસ્ટમોર્ટમ માટે લાવવામાં આવી તો તેની આંખ પરના નિશાનથી લાગ્યું કે કોઈએ તેને મુક્કા માર્યા છે. સ્ટાફે મહારાષ્ટ્રની સરકાર એટલે કે ઉદ્ધવ સરકાર પર સવાલ ઉઠાવ્યો છે.

રિપોર્ટ્સ પ્રમાણે, સ્ટાફે કહ્યું હતું, 'સુશાંતની બૉડીનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું તે ટીમનો હું હિસ્સો હતો. મેં જોયું હતું કે તેને ઘણી જ ઈજાઓ થઈ હતી. તેના ઘણાં હાડકાં તૂટેલા હતા. તે સમયે મને ઉદ્ધવ સરકાર પર ભરોસો નહોતો અને તેથી જ હું મીડિયા સામે આવ્યો નહોતો. હવે સરકાર બદલાઈ તો મેં વિચાર્યું કે મારે સાચું બોલવું જોઈએ. મને મારા જીવની પરવા નથી, પરંતુ સુશાંતને ન્યાય મળવો જોઈએ.'

રિયાએ સો.મીડિયામાં એક પોસ્ટ શૅર કરી હતી. આ પોસ્ટમાં રિયાએ મેસેજ લખ્યું છે. રિયાએ કહ્યું હતું, 'તમે આગમાંથી પસાર થઈ જાવ છો, તોફાનથી પોતાની જાતને બચાવો છે, શૈતાન પર જીત મેળવો છે, જ્યારે તમને તમારી તાકાત પર શંકા જાય ત્યારે તમે આ વાતને યાદ રાખવી જોઈએ.'

રુપકુમાર શાહે ૨૬ ડિસેમ્બર, સોમવારે પહેલી જ વાર મીડિયામાં આવીને કહ્યું હતું, 'સુશાંતે આત્મહત્યા કરી નહોતી, પરંતુ તેનું મર્ડર થયું હતું. તેના અવસાન સમયે કૂપર હોસ્પિટલમાં પાંચ ડેડબૉડી આવી હતી. અમને કહેવામાં આવ્યું હતું કે પાંચમાંથી એક બૉડી વીઆઈપી છે. પોસ્ટમોર્ટમ કરવા ગયા ત્યારે ખબર પડી કે આ બૉડી સુશાંત સિંહ રાજપૂતની છે.' વધુમાં રુપકુમારે કહ્યું હતું, 'અમે જોયું કે સુશાંતના શરીર પર ઈજાના ઘણાં નિશાન હતા. ગરદન પર પણ બે-ત્રણ ઈજાના નિશાન હતી. પોસ્ટમોર્ટમનું રેકોર્ડિંગ થવું જોઈતું હતું, પરંતુ સીનિયર્સને માત્ર ફોટો લેવાની જ પરવાનગી મળી હતી, આથી અમે તેમના આદેશનું પાલન કર્યું હતું.'

રુપકુમારે આગળ જણાવ્યું હતું, 'જ્યારે મેં પહેલી જ વાર સુશાંતની બૉડી જોઈ તો મેં તરત જ સીનિયર્સને કહ્યું કે આ સુસાઇડ નથી, પરંતુ મર્ડર છે. મેં તેમને એમ પણ કહ્યું કે આપણે નિયમોનું પાલન કરવું જોઈએ, પરંતુ સીનિયર્સ આ અંગે પછી વાત કરવાનું કહ્યું હતું. મને બૉડીના પિક્ચર્સ ક્લિક કરીને બૉડી પોલીસને આપવાની વાત કરી હતી. આથી પોસ્ટમોર્ટમ રાત્રે જ કરી દીધું હતું.'

'પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં શું લખવું, એ ડૉક્ટરનું કામ છે, પરંતુ સુશાંતને ન્યાય મળવો જોઈએ. સુશાંતની તસવીર જોઈને કોઈ પણ કહી શકે કે તેની હત્યા થઈ હતી. જો મને તપાસ એજન્સી ફોન કરશે તો પણ હું આ જ વાત કહીશ', તેમ રુપકુમારે કહ્યું હતું.

સુશાંતના વકીલ વિકાસ સિંહે પણ આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું, 'સુશાંતના શરીર પર ઈજાના નિશાન હતા કે નહીં, તે અંગે હું સ્પષ્ટ રીતે કહી શકું નહીં. જોકે, હું એટલું તો કહીશ કે સુશાંતના મોતનું કારણ કોઈ સામાન્ય આત્મહત્યા નહોતી. તેની પાછળ કોઈને કોઈ ષડયંત્ર હતું. આ કેસને માત્ર CBI જ ઉકેલી શકશે.' સુશાંત સિંહ રાજપૂત ૧૪ જૂન, ૨૦૨૦ના રોજ બાંદ્રા સ્થિત પોતાના ઘરમાં મૃત મળી આવ્યો હતો. પહેલી નજરમાં આ સુસાઇડ લાગતું હતું. જોકે, પછી આ કેસની તપાસ ઝૈમ્ને આપવામાં આવી હતી. આ કેસની હજી તપાસ ચાલુ છે.

તપાસ દરમિયાન ડ્રગ્સ એંગલ સામે આવ્યો હતો. સુશાંતની પ્રેમિકા રિયા ચક્રવર્તી પર ડ્રગ્સ લેવાનો અને સુશાંતને આપવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. તે એક મહિનો જેલમાં રહી હતી. સુશાંતના પરિવારે રિયા પર આક્ષેપો કર્યા હતા કે રિયા સુશાંતને માનસિક અને આર્થિક રીતે હેરાન કરતી હતી.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




***N.O.G. S.S. No: 0112***
વિષય: N.O.G સાહિત્ય સરિતા
પરિવારના પ્રથમ સ્નેહ મિલનનો યાદગાર દિવસ
પ્રકાર : પદ્ય
શીર્ષક: હૃદયની વાત હૃદયમાં સમાણી
૨૪ ડિસેમ્બર ૨૦૨૨ના દિન
રાવલ દંપત્તિ તણી મહેનત ખૂબ રંગ લાવી,
દાદીશાની લાગણી એ યશ ક્લગી વધારી
કવિ કૃષ્ણ દવે એ દિપ જ્યોત પ્રગટાવી,
સાહિત્ય સરિતાની આપશ્રી એ શોભા વધારી
ઉત્તમ સાહિત્યક વિભૂતિઓ પધારી,
દેશ દુનિયામાં ખૂબ નામના વધારી
સાહિત્ય વિશ્વમાં ઉજાસ અને આભા વધારી,
ઉત્તમ રચનાઓ થકી મોજ મજા માણી
"સાહિત્ય સરિતા ગ્રુપની" યાદ ઘણી આવી,
"રાજ " હૃદય તણી વાત હૃદયમાં જ સમાણી

રચના
રાજેશભાઈ એસ. વ્યાસ
કવિ શ્રી "રાજ"
ધ્રુવનગર, મ મોરબી ઋ

---

**NOG SS NO 128**
સાહિત્ય સરિતા
વિષય:"મારા પ્રથમ સ્નેહ મિલનનો યાદગાર દિસસ"
શીર્ષક: મીઠા સંભારણા.

"ન્યુઝ ઓફ ગાંધીનગર" તેમજ સાહિત્ય સરિતા દ્વારા દાદીશાની હાકલ પડતાં જ જે દિવસની આતુરતાથી રાહ જોતાં તે દિવસ એટલે તારીખ ૨૪:૧૨:૨૦૨૨. અમદાવાદ ખાતે યોજાયેલ સ્નેહ મિલન સમારોહમાં મને જવાનો અવસર મળ્યો એ મારા માટેનો સોનેરી અવસર હતો. કાર્યક્રમમાં સવારે નાસ્તામાં ગરમાગરમ દાળવડા,બટાકા પૌવા અને સાથે ઠંડી ઉડાડી દે તેવી ગરમાગરમ "ચા અને કોફી"નો સ્વાદ માણ્યો. આપણાં ચોકલેટી સભ્ય એવા કલ્પનાબેન સુરેન્દ્રનગરથી આવ્યા હતા. તેઓ દરેકને માટે જામફળનો તાજો રસ, ચોકલેટ,વઢવાણી મરચાં સાથે લાવ્યા હતા.સૌએ જામફળનાં રસનું પાન કર્યુ. આયોજક શ્રી પ્રદીપભાઈ રાવલ, મીનાક્ષીબેન રાવલ તેમજ એડમીન ટીમના સભ્ય જયશ્રીબેન (દાદીશા) માયાબેન,વિભુતિબેન તથા જીજ્ઞાબેને

આમંત્રિત મહેમાન એવા કવિ શ્રી કૃષ્ણભાઈ દવેનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ.કવિ શ્રી કૃષ્ણભાઈના હસ્તે દિપ પ્રાગટય થયું.ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત થઈ. શ્રીકૃષ્ણભાઈ દેવેએ ખૂબ સરસ કાવ્યોનું રસપાન કરાવીને સૌને તૃપ્ત કર્યા.

ત્યારબાદ ગદ્યના લેખો સભ્યો દ્વારા રજૂ કરવામાં આવ્યાંને જોતજોતામાં બપોરના જમવાનો સમય થયો.ભોજનમાં સ્વાદિષ્ટ ઉંધીયુ, શાક પુરી ગાજરનો હલવો, મિક્સ ભજીયા,દાળ-ભાત,પાપડ સલાડને મસ્ત એવી છાશ પ્રેમથી પીરસાયા.એ જમણનો સ્વાદ આજે પણ દાઢમાં રહી ગયો છે. ભોજનનો કાર્યક્રમ પુરો થતાંજ સૌએ પોતાનું સ્થાન ગ્રહણ કરીને પદ્ય રચનાઓને સાંભળીતાળીઓના ગડગડાટ સાથે વધાવી. ત્યારબાદ ચા- કોફીની લિજ્જત માણતાં એકોંકતીની શરૂઆત થઈ. તેમાં જીજ્ઞાબેને રાવણનાં સારા પાસાનો ચિતાર રજૂ કર્યો. વિભુતીબેને પણ એકોંકતી સરસ કરી.તેમજ મુક્તિદાબેને ખોવાતા બાળક માટેનું માતાનું આક્રંદ અદ્ભુત રીતે રજૂ કર્યુ હતું. એકોંકતી પૂરા થતાં જ નિખીલભાઈ કિનારીવાળાનાં માર્ગદર્શન મુજબ ગણેશવંદનાથી સંગીતનો કાર્યક્રમ શરુ થયો.મીનાક્ષીબેન, નિખીલભાઈ, પ્રદીપભાઈ શ્ર્વેતાબેન તેમજ કિર્તીબેને સાંખીગાઈનેગીત-સંગીતના કાર્યક્રમને ચાર ચાંદ લગાડી દીધા. ધારીણીબેન,ઉષાબેન તેમજ પ્રજ્ઞાબેન જેવા અતિથીઓએ કાર્યક્રમની શોભા વધારી. ઉષાબેનનાં હસ્તક શ્રી મનિષાબેન વ્યાસનાં પુસ્તકનું વિમોચન થયું.સમગ્ર કાર્યક્રમની ઉદ્-ઘોષણા શ્રી રેખાબેને સુંદર રીતે રજૂ કરી.સૌનાં આશ્ચર્ય વચ્ચે શ્રીપ્રદીપભાઈ રાવલનો જન્મ દિવસ કેક કાપીને ઉજવાયો.અતિથીઓ તેમજ એડમીન ટીમ હસ્તક સૌ સભ્યોને સન્માનિત કરવામાં આવ્યા.સૌ સભ્યોનો પરસ્પર પરિચય થયો.

રાત્રી ભોજનમાં ભાજીપાવ તથા પુલાવનો સ્વાદ માણી જીવનભરનાં સંભારણાને હ્દયમાં અંકિત કરી ફરી મળવાનાં વચન સાથે સૌ છુટાં પડ્યાં.આટલો અદ્ભુત કાર્યક્રમનાં આયોજન માટે શ્રી પ્રદીપભાઈ, મીનાક્ષીબેન રાવલ તેમજ એડમીન ટીમની હું સદાય માટે ઋણી રહીશ.

કિર્તી પારેખ.
અમદાવાદ.

# રાજીવ ગાંધી ભવન અમદાવાદ ખાતે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ૧૩૮માં સ્થાપના દિવસની ઉજવણી, કોંગ્રેસ સેવાદળના ૯૯માં સ્થાપના દિન ઉજવણી સંપન્ન

## "ભારત જોડો" યાત્રા અંતર્ગત આગામી ફેબ્રુઆરી ૨૦૨૩ થી સમગ્ર ગુજરાત રાજ્યમાં દરેક ગ્રામ પંચાયત અને મતદાન મથકના વિસ્તારને આવરી લે તે રીતે "હાથ સે હાથ જોડો" અભિયાન સાથે પદયાત્રાનું આયોજન કરીને રાજ્ય અને રાષ્ટ્રને મજબૂત કરવાનો અભિગમ જનજન સુધી પહોચાડવામાં આવશે: શ્રી જગદીશ ઠાકોર



ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ૧૩૮માં સ્થાપના દિવસની ઉજવણી, કોંગ્રેસ સેવાદળના ૯૯માં સ્થાપના દિન ઉજવણી પ્રસંગે યોજાયેલ ધ્વજવંદન બાદ મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરોને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, સેવા, સમર્પણ અને સ્વરાજની ભાવના સાથે સ્થપાયેલ ભારતીય કોંગ્રેસ પક્ષ ૧૮૮૫ થી અનેક ચડાવ - ઉતાર, સત્તા અને સંઘર્ષ વચ્ચે પણ દેશની એકતા, અખંડિતતા, બિનસાંપ્રદાયિકતા, સમાનતાના સિધ્ધાંતો સાથે કોંગ્રેસની વિચારધારા આજદિન સુધી ક્યારેય પણ કોઈપણ પ્રકારની બાંધછોડ નથી કરી. આ કોંગ્રેસની વિચારધારા છે. જેને આઝાદ ભારતમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના નેતૃત્વમાં બંધારણ આપ્યું. બંધારણમાં દરેકને વાણીની સ્વતંત્રતા, વિચારોની સ્વતંત્રતા, અભિવ્યક્તિની સ્વતંત્રતા સાથેસાથે ધર્મ, જાતિ, પ્રાંતથી ઉપર ઉઠી તમામ લોકો એક છે અને ભારત દેશના વિકાસ માટે, દેશની પ્રગતિ માટે સૌનું યોગદાન હોવું જોઈએ, સૌનો દેશ પર અધિકાર છે. આ ભાવના સાથે વિશ્વનો શ્રેષ્ઠ કહી શકાય તેવુ બંધારણ આપ્યું. આટલા વર્ષોના શાસનોમાં કોંગ્રેસપક્ષ અનેકવાર સત્તા ઉપર પણ આવ્યો અને અનેક વાર વિપક્ષમાં પણ રહ્યો તેમ છતા પણ હંમેશા જ્યારે દેશનાં એકતા અખંડિતતાની વાત આવે ત્યારે રાજનીતીથી ઉપર ઉઠી દેશને પહેલુ પ્રાધાન્ય આપ્યું છે. જ્યારે પણ સંવૈધાનીક અધિકારોના હનન થાય, કોઈપણ નાગરીકને અન્યાય થાય, જ્યારે પણ કોઈ ધર્મ, જાતિ કે પ્રાંતના નામે ભેદભાવની વાત કરે ત્યારે હરહંમેશ સંવિધાનની રક્ષાની માટે કોંગ્રેસના કાર્યકરોએ આગળ આવીને કામ કર્યું છે. આજે દેશની સાંપ્રત પરિસ્થિતિઓમાં છે, સંવૈધાનીક સંસ્થાઓનો દુરુપયોગ થઈ રહ્યો છે, ક્યાક ને ક્યાંક જાતિ, ધર્મના નામે ભાગલા પાડીને રાજનીતિ થઈ રહી છે. ત્યારે ભારત વાસીઓને જે ડૉ. બાબાસાહેબ આંબેડકરના બંધારણે સંવૈધાનીક અધિકારો આપ્યા જેમાં અભિવ્યક્તિની આઝાદી, બોલવાની આઝાદી, વિચારોની આઝાદી, લખવાની આઝાદી, વિરોધ કરવાની આઝાદી, આ તમામ આઝાદી પર આજે ભાજપ સરકાર સંવૈધાનીક અધિકારોનો હનન કરી રહી છે.

અંગ્રેજોનું અન્યાય અને અત્યાચારનું શાસન ચાલતુ હતુ, લોકોનો અવાજ દબાવવો લોકોની સ્વતંત્રતા છીનવાની એ જ પ્રકારનું શાસન આજે અંગ્રેજોને પણ શરમ આવે તે રીતે ચાલી રહ્યું છે. આજના દિવસે આઝાદીની લડતમાં લડતા લડવૈયાઓને પણ યાદ કરવાજ રહ્યાં.

મહાત્મા ગાંધીના નેતૃત્વમાં સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નહેરુ, સુભાષચંદ્ર બોઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર, મૌલાના અબુલ કલામ સહિત અનેક નામી અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓના ત્યાગ અને સમર્પણના કારણે આજે આપણે આઝાદી ભોગવી રહ્યાં છીએ.

દેશી રજવાડાઓને એક કરવા માટે થઈને સરદાર વલ્લભભાઈ પટેલે તિરંગાને સન્માન આપ્યું હતું. જ્યારે દેશમાં ટાંકણી પણ નહોતી બનતી ત્યારે દેશમાં નવરત્નોની સ્થાપના કરીને દેશને સ્વાવલંબી બનાવવા માટે દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ તિરંગાને સન્માન આપ્યું હતું. જયજવાન જય કિસાન નો નારો આપી, પાકિસ્તાન સામે પ્રથમ યુદ્ધ જીતીને લાલબહાદુર શાસ્ત્રીએ તિરંગાને સન્માન આપ્યું હતું. પાકિસ્તાનના બે ટુકડા કરીને અને પોખરાણમાં પ્રથમ અણુધડાકો કરી વિશ્વમાં તિરંગાનું નામ રોશન ઈન્દિરા ગાંધીએ કર્યું હતું. ભારતને ૨૧મી સદીમાં લઈ જનાર અને આઈ.ટી. અને ટેકનોલોજીક્રાંતિ લાવીને, ૧૮ વર્ષની ઉંમરે મતદાનનો અધિકાર આપીને રાજીવ ગાંધીએ તિરંગાને સન્માન આપ્યું હતું. આર્થિક ઉદારીકરણની શરૂઆત કરીને પી.વી. નરસિંહારાવે ભારતનો ડંકો વિશ્વમાં પ્રસ્થાપિત કરીને તિરંગાને સન્માન આપ્યું હતું. યુ.પી.એ. અધ્યક્ષા શ્રીમતિ સોનિયા ગાંધી અને વડાપ્રધાનશ્રી મનમોહનસિંહનો સમયગાળો અધિકારોનો દાયકો ગણાય છે. આ દરમ્યાન આર.ટી.આઈ.(માહિતીનો અધિકાર),આર.ટી.ઈ.(શિક્ષણનો અધિકાર),આર.ટી.એફ. (અન્નનો અધિકાર), મનરેગા (રોજગારનો અધિકાર), દેશની જનતાને સમર્પિત કરીને તિરંગાને સન્માન આપ્યું છે. રાહુલ ગાંધી હંમેશા કહે છે કે, "તિરંગા હી મેરા ધર્મ હૈ" અને એજ દરેક કોંગ્રેસજનની વિચારધારા છે. રાષ્ટ્રપ્રેમ અને તિરંગા પ્રત્યે આદરભાવ એ દરેક કોંગ્રેસીના લોહીમાં વહે છે.

આજે જ્યારે દેશમાં નફરત ફેલાવવા માટે દેશ વિરોધી તત્વો જ્યારે તક સાધી રહ્યાં છે ત્યારે દરેક કોંગ્રેસીજન ખેડૂતો માટે, મહિલાઓ માટે, યુવાનો માટે, દલિત, આદિવાસી, ગરીબ - સામાન્ય - મધ્યમવર્ગ માટેના હક્ક અને અધિકારોની રક્ષાકાજે એક નવી આઝાદીની લડાઈ લડવા કટિબધ્ધ છે. રાષ્ટ્રધ્વજને અસ્વિકાર કરનારાઓને આજે રાષ્ટ્રધ્વજને સલામી આપવી પડે એજ વિચારધારાની જીત છે અને આજ કડીમાં શ્રી રાહુલ ગાંધી સમગ્ર દેશમાં ભારત જોડો યાત્રા કરી રહ્યાં છે અને તેને અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે. "ભારત જોડો" યાત્રા અંતર્ગત આગામી ફેબ્રુઆરી ૨૦૨૩ થી સમગ્ર ગુજરાત રાજ્યમાં દરેક ગ્રામ પંચાયત અને મતદાન મથકના વિસ્તારને આવરી લે તે રીતે "હાથ સે હાથ જોડો" અભિયાન સાથે પદયાત્રાનું આયોજન કરીને રાજ્ય અને રાષ્ટ્રને મજબૂત કરવાનો અભિગમ જનજન સુધી પહોચાડવામાં આવશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પટાંગણમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

આ ઉજવણીમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, ધારાસભ્યશ્રી શૈલેષભાઈ પરમાર, શ્રી ઈમરાનભાઈ ખેડાવાલા, અમદાવાદ શહેર કોંગ્રેસના પ્રમુખશ્રી નીરવ બક્ષી, અમદાવાદ શહેર વિરોધપક્ષના નેતાશ્રી શેહઝાદખાન પઠાણ, સેવાદળના કાર્યકારી અધ્યક્ષશ્રી કિરણભાઈ પ્રજાપતિ, વરિષ્ઠ આગેવાનશ્રી બાલુભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી અશોકભાઈ પંજાબી, એસ.સી. સેલના ચેરમેનશ્રી હિતેન્દ્ર પીઠડીયા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા સહકન્વિનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, પ્રવક્તાશ્રી મનહરભાઈ પટેલ, શ્રી નાગજીભાઈ દેસાઈ સહિત સેવાદળ અને દરેક ફ્રન્ટલ સેલના હોદ્દેદારશ્રીઓ તથા કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં હાજરી આપી કોંગ્રેસ સ્થાપના દિવસની ઉજવણી કરી હતી.

હેમાંગ રાવલ
મીડીયા સહકન્વિનર અને પ્રવક્તા

## ચોટીલા પાસે હાઈવે પર દોડતી બસમાં ભડકો, એક વૃદ્ધાનું આગની લપેટમાં આવતા મોત

સુરેન્દ્રનગર,તા.૨૮

અમદાવાદ-રાજકોટ હાઈવે પર ગતરાત્રિએ ખાનગી ટ્રાવેલ્સની સ્લીપર બસમાં આગ લાગતા અફરાતફરી મચી હતી. સુરત તરફ જઈ રહેલી બસમાં આગ લાગવાના કારણે બસમાં ઊંઘી રહેલા મુસાફરોમાં નાસભાગ મચી હતી. બસમાં સવાર એક વૃદ્ધા ગંભીર રીતે દાઝી જતા મોત થયું છે. જ્યારે અન્ય મુસાફરો પણ દાઝી જતા સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

અમદાવાદ-રાજકોટ હાઈવે પર ચોટીલા પાસે 'આપાગીગાના ઓટલા' પાસેથી પસાર થઈ રહેલી એક ખાનગી ટ્રાવેલ્સની ચાલુ બસમાં અચાનક આગ લાગી હતી. જેના કારણે બસમાં સવાર મુસાફરોમાં દેકારો બોલી ગયો હતો. બસ ઉભી રાખી દેવાતા મુસાફરો નીચે ઉતરવા લાગ્યા હતા. જો કે, બસમાં સવાર એક વૃદ્ધા ગંભીર રીતે દાઝી જતા મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય મુસાફરો દાઝી જતા તેઓને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

ચોટીલા પાસે પરોઢિયે બનેલા આગના બનાવમાં ૭૦ વર્ષીય વૃદ્ધાનું ગંભીર રીતે દાઝી જવાથી મોત નિપજ્યું છે. મૃતક વૃદ્ધા નોઈડાના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. આગનું કારણ FSLની તપાસ બાદ જાણવા મળશે.

## રાજકોટમાં સેન્ટ્રલ જીએસટી પ્રિવેન્ટીવ ટીમના દરોડા: ૪૩ લાખની ટેક્સ ચોરી ઝડપી

રાજકોટ,તા.૨૮

રાજકોટમાં બોનાન્ઝા બ્યુટી સલૂનનું નામ જાણીતું છે. આજે આ બ્યુટી સલૂનમાં સેન્ટ્રલ જીએસટીની પ્રિવેન્ટીવ ટીમ ત્રાટકી છે અને સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. આ બ્યુટી સલૂનની રાજકોટમાં આવેલી ૭ બ્રાન્ચ પર સેન્ટ્રલ જીએસટીના પ્રિવેન્ટીવ વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. દરોડા દરમિયાન ૪૩ લાખની ટેક્સ ચોરી ઝડપાઈ હોવાનું સામે આવ્યું છે અને હાલ સર્ચ ઓપરેશન ચાલુ છે. બોનાન્ઝા બ્યુટી સલૂનની તમામ બ્રાન્ચોમાં મસમોટી રકમ વસૂલાતી હતી. પરંતુ ડ્યૂટી ભરાતી ન હોવાનું સામે આવ્યું છે.

રાજકોટમાં બોનાન્ઝા બ્યુટી સલૂનની યુનિવર્સિટી રોડ, કેકેવી ચોક, પેડક રોડ સહિતના વિસ્તારોમાં ૭ જેટલી બ્રાન્ચ આવેલી છે. આ તમામ બ્રાન્ચો પર સેન્ટ્રલ જીએસટી પ્રિવેન્ટીવ વિભાગના દરોડા પડ્યા છે. અત્યારસુધીમા સર્ચ ઓપરેશનમાં ૪૩ લાખની ટેક્સ ચોરી થયાનું સામે આવ્યું છે. તમામ બ્રાન્ચો પર એકસાથે દરોડા પડતા અન્ય બ્યુટી સલૂનના માલિકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. સર્ચ ઓપરેશન પૂર્ણ થયે બોનાન્ઝા બ્યુટી સલૂનમાં હજુ વધુ કરચોરી કર્યાનું સામે આવી શકે છે. સર્ચ ઓપરેશન પૂર્ણ થયે બોનાન્ઝા બ્યુટી સલૂનમાં હજુ વધુ કરચોરી કર્યાનું સામે આવી શકે છે.

મોરબીમાં જીએસટીની ૯ પેઢીમાં તપાસ કરવામાં આવી છે. જેમાં ૫ સિરામિક એકમો છે તો ૪ ટ્રેડિંગ પેઢીનો સમાવેશ થાય છે. આ તપાસમાં રાજકોટ અને અમદાવાદની ટીમ જોડાઈ છે. બિલ વગર, ઓછી કિંમતના બિલ બનાવી ટેક્સચોરી કરાતી હોવાની બાતમી મળી હતી, જેના આધારે આ તપાસ કરવામાં આવી છે.

સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ સવારે તપાસ શરૂ થઈ હતી અને આખી રાત તપાસ ચાલુ રહી છે. તપાસ દરમિયાન આવક જાવકના દસ્તાવેજો, હિસાબી સાહિત્ય વગેરેની ચકાસણી કરવામાં આવી છે. જેમાં ગેરરીતિ બહાર આવી છે. આ સાહિત્ય દસ્તાવેજો કબજે કરાયા છે જેનો રિપોર્ટ તૈયાર થશે અને ત્યારબાદ અમદાવાદ મોકલાશે. જો કે હાલ તપાસનીશ ટીમે નામ જાહેર કરવામાં ચુપકીદી સેવી લીધી છે.

જેને ત્યાં તપાસ કરાઈ છે એ પેઢીના વ્યવહાર રાજ્યભરમાં થયા હોવાનું ખુલ્યું છે.

ડેઈલી માર્કેટ રિપોર્ટ

## ક્રૂડ તેલનો વાયદો બેરલદીઠ રૂ.૧૪૧ લપસ્યોઃ નેચરલ ગેસમાં પણ ઘટાડો

**બુલડેક્સના વાયદામાં ૧૦૭ પોઈન્ટની નરમાઈ: સોનાનો વાયદો રૂ.૨૭૯ અને ચાંદીનો વાયદો રૂ.૫૦૭ તૂટ્યોઃ રૂ અને મેન્થા તેલમાં સુધારોઃ કપાસ ઢીલુઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૮૦૫૨ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૭૪૩૧ કરોડનું ટર્નઓવર**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૧૭,૮૦૪ સોદાઓમાં કુલ રૂ.૧૫,૫૨૨.૦૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮૦૫૧.૮૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૭૪૩૧.૨૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૯૨,૨૨૩ સોદાઓમાં કુલ રૂ.૪,૭૬૧.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૪,૯૨૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૪,૯૫૦ અને નીચામાં રૂ.૫૪,૬૦૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૭૯ ઘટી રૂ.૫૪,૭૧૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૭૦ ઘટી રૂ.૪૪,૦૭૧ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩૬ ઘટી રૂ.૫,૪૦૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪,૪૫૧ના ભાવે ખૂલી, રૂ.૨૫૧ ઘટી રૂ.૫૪,૨૯૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૯,૬૫૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૮૬૦ અને નીચામાં રૂ.૬૮,૯૨૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૦૭ ઘટી રૂ.૬૯,૨૯૪ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૪૮૮ ઘટી રૂ.૬૯,૨૭૫ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૪૮૧ ઘટી રૂ.૬૯,૨૭૫ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯,૨૩૮ સોદાઓમાં રૂ.૧,૫૧૭.૦૪ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૧૦ ઘટી રૂ.૨૦૯.૧૦ અને જસત ડિસેમ્બર વાયદો કોઈ ફેરફાર વગર રૂ.૨૭૩ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૫.૦૫ ઘટી રૂ.૭૩૨.૬૦ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ વધી રૂ.૧૮૯ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૮,૧૨૪ સોદાઓમાં કુલ રૂ.૧,૭૬૩.૫૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૬૧૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૬૨૨ અને નીચામાં રૂ.૬,૫૧૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૪૧ ઘટી રૂ.૬,૫૪૮ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮.૧૦ ઘટી રૂ.૪૧૦.૫૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૨૨૧ સોદાઓમાં રૂ.૯.૫૦ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧,૫૮૪.૫૦ બોલાઈ રહ્યો હતો. કોટન ડિસેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૨૮,૦૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૮,૨૭૦ અને નીચામાં રૂ.૨૮,૦૭૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૦ વધી રૂ.૨૮,૧૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૫.૧૦ વધી રૂ.૧૦૦૪.૨૦ થયો હતો.

કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૭૨૬.૧૫ કરોડનાં ૩,૧૫૩.૦૨૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩,૦૩૫.૫૮ કરોડનાં ૪૩૭.૨૬૪ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૭૫૭.૨૯ કરોડનાં ૧૧,૫૧,૮૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૦૦૬ કરોડનાં ૨૪૮૪૩૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૧.૧૨ કરોડનાં ૪૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૮.૨૮ કરોડનાં ૮૧.૩૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૭૪૬.૫૧૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૯૭.૨૦૩ ટન, ક્રૂડ તેલમાં ૬૫૭૦૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૩૧૯૯૫૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૭૦૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૮૨.૦૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૮.૯૯ કરોડનાં ૫૦૮ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૫,૪૦૮ના સ્તરે ખૂલી, ૧૦૭ પોઈન્ટ ઘટી ૧૫,૩૧૯ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૭,૪૩૧.૨૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૪૬.૦૮ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧૯.૨૪ કરોડનાં કામ થયાં હતાં.

એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૩૬૦.૯૦ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૪૦૩.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૪૮.૪૯ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૧૫ અને નીચામાં રૂ.૨૪૨.૪૦ રહી, અંતે રૂ.૮૦.૭૦ ઘટી રૂ.૨૫૭.૬૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૨ ખૂલી, ઊપરમાં રૂ.૨૨ અને નીચામાં રૂ.૧૯.૪૫ રહી, અંતે રૂ.૪.૨૫ ઘટી રૂ.૨૦.૭૦ થયો હતો.

સોનું જાન્યુઆરી રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૪ અને નીચામાં રૂ.૧૫૦ રહી, અંતે રૂ.૪૫.૫૦ ઘટી રૂ.૧૬૪ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૩૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૨,૩૪૦ અને નીચામાં રૂ.૧,૯૯૩.૫૦ રહી, અંતે રૂ.૨૮૩.૫૦ ઘટી રૂ.૨,૦૯૫ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૯ અને નીચામાં રૂ.૪૦૭.૫૦ રહી, અંતે રૂ.૬૬.૫૦ ઘટી રૂ.૪૪૦ થયો હતો.

# અંશ અક્ષ પ્રજાપતિ એ ઉતરાયણ નાં પર્વે નિમિત્તે વિડિયો બનાવી માનવ સમુદાય ને અપીલ કરી



### અબોલ જીવ પક્ષીઓ અને માનવી ને નુકસાન થાય તેનો જાહેર સંદેશ

અરવલ્લી,

અરવલ્લી.સા.કા.અંશ અક્ષ પ્રજાપતિ જેઓ જેઓ ઘોરણે ૫ માં આનંદ માર્ગે પ્રા શાળા ના વિઘાર્થી છે જેમને ઉતરાયણ નો તહેવાર નજીક આવતાં અબોલ જીવ પક્ષીઓ અને જાહેર માર્ગ પર મુસાફરી કરતાં માનવ ને નુકસાન ન થાય તેની કાળજી લયને એક વિડીયો પોતાની આવળત અને વિચારો થકી પોતાના ઘરની છત પર જાહેર જનતાને શુભ સંદેશો અને અપીલ કરી છે કે ઉતરાણ ના પર્વ પર સાવચેતી નું ધ્યાન રાખજો પતંગ ચગાવવા નો સમય ચાઈનીઝ દોરી નો બહિષ્કાર ઉપયોગ ન કરો સાથે સાથે ઉતરાયણ નાં આગલા દિવસે અને પછી નાં દિવસે શું કાળજી રાખવી જેથી અબોલ જીવ અને માનવ સમુદાય ને નુકસાન થતું રોકી શકાય અને હજારો પક્ષીઓ નો જીવ બચી શકે.....અંશ અક્ષ પ્રજાપતિ એ બનાવેલો વિડિયો મા વિચારો પોતે રજુ કરેલા છે અને સુંદર સંદેશો પાઠવ્યો છે.....કે માણો ઉતરાયણ ની મજા ન કરો કોઈ ને સજા કે નુકસાન........ ચાઈનીઝ દોરી નો ઉપયોગ અવશ્ય ટાળો......

રીપોર્ટ .... હિરેન પ્રજાપતિ

# શિક્ષણમંત્રી શ્રી ડો. કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતની યોજાઈ કારોબારી બેઠક

**રાજયકક્ષાના શિક્ષણમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા**

**રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા નવનિયુક્ત શિક્ષણમંત્રીશ્રીઓનું કરાયું સન્માન**

અમદાવાદ,

અમદાવાદના ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ સંલગ્ન રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા રાજ્ય કારોબારી બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં નવનિયુક્ત શિક્ષણમંત્રી શ્રી ડો. કુબેરભાઈ ડીંડોર તથા રાજયકક્ષાના શિક્ષણમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયાનું સન્માન કરાયું હતું. આ કારોબારી બેઠકમાં તમામ પદાધિકારીઓએ શિક્ષણમંત્રીશ્રી સાથે સંવાદ સાધ્યો હતો. રાજ્ય કારોબારીની આ બેઠકમાં દરમ્યાન તમામ સંવર્ગના પ્રાંત, વિભાગ તથા જિલ્લા પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે શિક્ષણમંત્રી શ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીમાં આવેલ સૌ સરસ્વતીના ઉપાસકોનું સ્વાગત કરૂં છું. તેમણે કહ્યું હતું કે, શિક્ષક એ કર્મચારી નથી પરંતુ રાષ્ટ્રનો સેવક છે, સમાજનો સેવક છે. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે, રાષ્ટ્ર કે હિત મેં શિક્ષા, શિક્ષા કે હિત મેં શિક્ષક, શિક્ષક કે હિત મેં સમાજ આ સૂત્રને સાચા અર્થમાં સાર્થક કરીશું. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, આ શૈક્ષિક મહાસંઘ સાથે તમામ શિક્ષક મિત્રો જોડાય અને પ્રચાર પ્રસાર થાય તે દિશામાં આપણે સૌએ કામ કરવાનું છે. વધુમાં શ્રી ડીંડોરે કહ્યું કે, આવનારા સમયમાં શિક્ષકના હિતમાં, બાળકોના હિતમાં અને સમાજના હિતમાં આપના સૂચનો અને સાથ સહકાર થકી યોગ્ય નિર્ણયો કરીશું. અંતમાં તેમણે કહ્યું કે, આજે દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે આપણે સૌ આપણી જવાબદારી નિભાવીને રાષ્ટ્ર પ્રત્યેનું યોગદાન આપીએ.



આ પ્રસંગે રાજયકક્ષાના શિક્ષણમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, શિક્ષક એ બાળકના ઘડતરનું નિર્માણ કરે છે.

શિક્ષક એ સમાજમાં આંબો ઉછેરે છે અને તેનું સંવર્ધન કરે છે. તેમણે ઉપસ્થિત લોકોને સંબોધતા કહ્યું કે, આજે ભારતીયતાનું મૂલ્ય વધી રહ્યું છે તે તમારા જેવા શિક્ષકોને આભારી છે. શિક્ષક પ્રત્યેનું સન્માન રાષ્ટ્રના પ્રત્યેક વ્યક્તિની આંખોમાં તેજસ્વીભર્યું હોવું જોઈએ.

આ કારોબારી બેઠકમાં ડો. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડો. અમીબહેન ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, આ ભારતરત્ન ડો. બાબાસાહેબના નામ સાથે જોડાયેલી યુનિવર્સિટી છે. અમારી ટીમ નાની પણ કર્મઠ છે. વધુમાં તેમણે કહ્યું કે, અહીં નાખેલું બીજ વટવૃક્ષ બને છે માટે આજની કારોબારી બેઠકમાં આપણે શિક્ષણ વિશે કોઈ સારા વિચારના બીજ રોપીશું તો આવનારા સમયમાં એ વટવૃક્ષ બનશે જ. આ ઉપરાંત ડો. અમીબહેને જણાવ્યું હતું કે, મંત્રી શ્રી કુબેરભાઈ અને પ્રફુલભાઈ સાથે આ યુનિવર્સિટીનો જૂનો નાતો છે. તેમના માર્ગદર્શન હેઠળ આ યુનિવર્સિટી શૈક્ષણિક ક્ષેત્રે નવી જવાબદારી સ્વીકારવવા તત્પર છે.

આ કારોબારી બેઠકમાં રાજ્યભરમાંથી શૈક્ષિક મહાસંઘના પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# અતુલ્ય વારસો એવોર્ડ એવોર્ડ યોજાયો ગુજરાત ના પાટનગર ગાંધીનગર ખાતે



અતુલ્ય વારસો એવોર્ડ નું આયોજન આઈ આઈ ટી ગાંધીનગર ખાતે યોજાયો જેમાં ૮૯ વિશેષ વ્યક્તિઓ ને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો જેમાં ભાવનગર નાં વતની પિનાકીન ગોહિલ જુનીયર બચ્ચન ને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ એવોર્ડ નું આયોજન હીસ્ટોરીકલ એન્ડ કલ્ચર રિચાર્જ સેન્ટર દ્વારા આયોજિત કરવામાં આવ્યું હતું કલા સાહિત્ય સંસ્કૃતિ ઈતિહાસ વારસો સ્થાપક નાં કલાકારો ને સન્માનિત કરવામાં આવ્યા હતા આ પ્રસંગે પ્રોગ્રામ માં મુખ્ય અતિથિ પદે સામાજિક કાર્યકર્તા અનારબેન પટેલ લેખક અને ચિતક કિશોરભાઈ મકવાણા ગુજરાત સાહિત્ય અકાદમીના ડો.જયેનદ્રસિહ જાદવ સા.હેરિટેજ પ્રવાસન સમિતિ સભ્ય પુજાબાપુ વાળા ઉપસ્થિત રહ્યા હતા શ્રી કપિલભાઈ ઠાકર ના હસ્તે પિનાકીન ગોહિલ જુનીયર બચ્ચન ભાવનગર ને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.....

રીપોર્ટ..... હિરેન પ્રજાપતિ

## સમાજસેવા માટે ગૌરવ શાહને પુરસ્કાર




સમાજસેવક ગૌરવ શાહને દાદા સાહેબ ફાળકે આઇકન અવોર્ડ ફિલ્મ્સ દ્વારા આયોજિત છત્રપતિ શિવાજી મહારાજ ગૌરવ બેસ્ટ આઈકોનિક સમાજસેવકનો પુરસ્કાર એનાયત કરાયો હતો. આ ઉપરાંત, સેન્ટ મધર ટેરેસા યુનિવર્સિટી ઓસ્ટ્રેલિયા અને અમેરિકા દ્વારા ઈન્ટરનેશનલ ઓનરરી એક્સેલન્સ અવોર્ડ અપાયો હતો. સ્વ.અનિલ શાહ ફાઉન્ડેશનના ચેરમેન ગૌરવ અનિલ શાહ ઘણી નાની ઉંમરથી સમાજસેવા કરી રહ્યા છે. જરૂરિયાતમંદોને અનાજ, દવા, પુસ્તકો આપવા, શાળા-કોલેજની ફી અને હોસ્પિટલની ફી આપવી જેવા કાર્ય કરી રહ્યા છે. આ કાર્યક્રમના અતિથિવિશેષ કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલે, ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્યામ જાજુજી, જમ્મુ કાશ્મીર વકફ બોર્ડના ચેરપર્સન, દાદા સાહેબ ફાળકે આઈકન અવોર્ડ ફિલ્મ્સના ચેરમેન કલ્યાણજી જાના, દુબઈના શેખ કરીમ વગેરે મહાનુભાવો હાજર રહ્યા હતા.

# જય અબે મા- જય ઉમિયા મા



કોલવડા ગામના સર્વે સમાજના ગગા સ્વરૂપા અને વયોવૃધ્ધ માતાઓ અને બહેનો મા અંબે અને મા ઉમિયા વા યાત્રાધામ અબાજી અને ઉંઝા મુકામે મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો..આ તમામ માતા- બહેનોએ ૩૬. ઉત્તર વિધાનસભા ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ ના જવલંત વિજય માટે આ બંને યાત્રાધામે દર્શન કરવાની ટેક લીધી હતી..આજે સૌએ શ્રધ્ધા પૂર્વક દર્શન કરીને ટેક- બાધા પૂર્ણ કરી હતી..

સૌને જય અંબે મા સૌને જય ઉમિયા મા..

# જીઈબી કોલોની, ગાંધીનગર ખાતે જીઈબી એન્જીનીયર્સ એશોસીએશનનો સન્માન સમારંભ યોજાયો



ગાંધીનગર જીઈબી કોલોની ખાતે જીઈબી એન્જીનીયર્સ એશોસીએશન દ્વારા તાજેતરમાં ચૂંટાયેલા નવા હોદ્દેદારોનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. ગઈ કાલે વડોદરા ખાતે યોજાયેલ એસોસિએશનની ચૂંટણીમાં સતત ચોથી વખત વિજેતા સેક્રેટરી જનરલ શ્રી બી.એમ.શાહ, વાઈસ પ્રેસિડન્ટ (જનરેશન)શ્રી એ બી પ્રજાપતિ,જનરલ સેક્રેટરી (જનરેશન) શ્રી બી.એ.પટેલ એડી.જનરલ સેક્રેટરીશ્રી આર જી પટેલ, ઝોનલ સેક્રેટરી શ્રી સી.એસ. પટેલ વગેરે હોદ્દેદારોનો સન્માન સમારંભ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે કર્મચારી સંકલન સમિતિના અગ્રણી તથા અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘના સીનીયર સેક્રેટરી જનરલ શ્રી બળદેવભાઈ પટેલ નું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.

આ સન્માન સમારંભમાં અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘના હોદ્દેદારો શ્રી વાય.એમ.ચંપાવત, શ્રી કલ્યાણસિંહ,તથા ગાંધીનગર પાવર સ્ટેશનના એન્જીનીયર્સ તથા કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.સન્માન સમારંભનું સંચાલન સર્કલ સેક્રેટરી શ્રી એ.ઝેડ.લીંબાચીયાએ કર્યું હતું.

## રોજગારવાન્છું ઉમેદવારો માટે રોજગાર હેલ્પલાઇન નંબર- ૬૩૫૭૩૯૦૩૯૦ શરૂ કરાયો

ગાંધીનગર : બુધવાર:

શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વભાગના નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી દ્વારા રોજગારવાન્છું ઉમેદવારો માટે રોજગાર હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. આ હેલ્પ લાઇનનો નંબર-૬૩૫૭૩૯૦૩૯૦ છે.

આ હેલ્પલાઈન નંબર પર ગાંધીનગર જિલ્લાના તમામ રોજગારવાન્છું ઉમેદવારો, શાળા-કોલેજના વિઘાર્થીઓને હેલ્પલાઈનના માધ્યમથી રોજગાર ભરતીમેળા દ્વારા રોજગારને લગતી, સ્વરોજગાર માટે વ્યવસાય માર્ગદર્શન, સંરક્ષણ ભરતીમાર્ગદર્શન તથા અભ્યાસ કરતા વિઘાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન પુરું પાડવામાં આવશે.

આ હેલ્પલાઈનના માધ્યમથી જિલ્લાનો કોઈપણ યુવા ઘરે બેઠા સરળતાથી માર્ગદર્શન મેળવી શકે તે હેતું છે.

જિલ્લાના તમામ વાલીઓને પણ પોતાના સંતાનના ઉજ્જવળ ભવિષ્યમાં મદદરૂપ થવા હેલ્પલાઈનનો લાભ લેવા રોજગાર અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

## અમેરિકા સ્થિત કૌશિક શાહ ને ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક તેમજ જન ફરિયાદ દેશ વિદેશ સાપ્તાહિકના નિવાસી તંત્રી અમેરિકા પ્રથમ ત્રણ વર્ષ માટે નિમણૂક આપવામાં આવે છે

તેઓ સાહિત્ય સંગીતનું વિશ્વ ગ્રુપના આયોજક અને સંયોજક પણ છે. કે જેમાં ઘણા દેશો અને ભારતના મુખ્યત્વે ગુજરાતના ૨૯,૦૦૦ થી વધુ સભ્યો ફેસબુક ગ્રુપમાં જોડાયેલા છે અને આ ગ્રુપ ન્યૂઝ ઓફ ગાંધીનગર આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપનું સંયોગી ગ્રુપ પણ બની ચૂક્યું છે. જેમનો ટૂંકો પરિચય નીચે મુજબ છે



જન્મ: અમદાવાદ.

મૂળ બિઝનેસ તરફ ઝોક ધરાવતા પરિવારમાં ઉછેર થયો એટલે કૉલેજના અભ્યાસ બાદ બિઝનેસ તરફ મન વળ્યું. લગભગ ૩૦ વર્ષ સફળતાથી બિઝનેસ સંભાળ્યા પછી ૨૦૧૦થી અમેરિકા સ્થાયી થયાં. પ્રવૃત્ત રહેવાની પ્રકૃતિ હોવાના લીધે નિવૃત્ત થયા પછી અન્ય દિશામાં સક્રિય બન્યા. કોવિડના લોક ડાઉનના સમયમાં ફેસબુક પર સક્રિય પ્રકૃતિને લક્ષ્ય મળ્યું. ઓક્ટોબર ૨૦૨૦માં ફેસબુક પર 'સાહિત્ય સંગીતનું વિશ્વ' ગ્રુપનો આરંભ કર્યો.

૨૭ મહિનાના ટૂંકા ગાળામાં આજે ૨૯૦૦૦ સભ્યોના ફેસબુક ગ્રુપને કૌશિક શાહ અને રાજુલ કૌશિક સાંભળી રહ્યાં છે .

'સાહિત્ય સંગીતનું વિશ્વ'નાં ઍડમિન તરીકે એવી આશા અને આશય છે કે, ગુજરાતી ભાષાનો વિશ્વનાં ફલક પર વ્યાપ વધે.

'સાહિત્ય સંગીતનું વિશ્વ' ગ્રુપને ન્યુઝ ઓફ ગાંધીનગર / જનફરિયાદ ન્યુઝ પેપર સાથે સંયોજન ધરાવવાની તક મળી ત્યારથી ગ્રુપના સભ્યોને એનો લાભ મળે એવા હેતુથી ગ્રુપના જુદા જુદા લેખકો/ લેખિકાઓની કૃતિને આ ન્યુઝ ઓફ ગાંધીનગર/ જનફરિયાદમાં ગદ્ય અને પદ્ય રચનાઓને સ્થાન મળે તેવી ગોઠવણ કરી અને તેના આકર્ષક કૉલાજ બનાવ્યાં .

રાજુલ કૌશિક લિખિત, ન્યુઝપેપરમાં પ્રકાશિત આલેખન, લેખશ્રેણી તેમજ વાર્તાઓના વિડીયો બનાવી સોશિઅલ મીડિયા પર મૂકે છે. એ ઉપરાંત 'સાહિત્ય સંગીતનું વિશ્વ' ગ્રુપના સભ્યોની સ્વરાંકન થયેલી સ્વરચિત ગઝલની વિડીયો બનાવે છે .

'સાહિત્ય સંગીતનું વિશ્વ' ઉપરાંત નિત્યનીશી, મન કી બાત, આપણું સાહિત્ય (માંગરોળ) , વાત સાહિત્યની ,જય વસાવડા ફેન ગ્રુપ,ઊઁજિ ઁહ ઊઁસ્ક્ીાિછૅ અને 'તુલસી ખુસરો સાહિત્ય મંચ જેવા ઈન્ટરનેનલ પટલમના પણ ઍડમિન છે. અન્ય ગ્રુપમાં પણ મૈત્રીભાવે શક્ય હોય એટલો સાથ અને સહયોગ આપે છે.

# ભાજપ આર્થિક સેલ (રાજકોટના પ્રમુખ) પ્રખર જીવદયા પ્રેમી, ઉદ્યોગપતિ યોગેશ પાંચાણી (પટેલ)ને શ્રેષ્ઠ સામાજિક કાર્યકરનો એવોર્ડ પ્રાપ્ત થયો




સૌરાષ્ટ્રના જાણીતા યુવા ઉદ્યોગપતિ અને અનેકવિધ સેવાકીય સંસ્થાઓ શ્રીજી ગૌશાળા, એનીમલ હેલ્પલાઈન, સદભાવના વૃધ્ધાશ્રમ, ગુફેશ્વર મહાદેવ ગૌશાળા, અસ્મીતા ફાઉન્ડેશન, મેપ ગ્રુપ સહીતની સંસ્થાઓ સાથે તન, મન, ધનથી જોડાયેલા યોગેશભાઈ પાંચાણીને સામાજિક કાર્યોમાં પોતાના યોગદાન બદલ ડૉ.એમ પ્રભાકર (કરોડરજ્જુના સર્જન) અને ગુજરાતના ગૃહ સચિવ જે.કે.ભટ્ટ સાહેબના હસ્તે શ્રેષ્ઠ સામાજિક કાર્યક્રનો એવોર્ડ પ્રાપ્ત થયો છે. બાલ્યાવસ્થાથી જ રાષ્ટ્રવાદી વિચારધારાને વરેલા અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંસ્કારોથી સિંચીત યોગેશભાઈ કોટનનાં ઉદ્યોગપતિ છે. અત્યાર સુધીમાં ૧૦ હજારથી વધુ વૃક્ષોનું વાવેતર અને તેના ઉછેરમાં નિમિત બનેલા દાનવીર યોગેશભાઈ ભારતીય જનતા પાર્ટીના અદના કાર્યકર્તા તરીકે પણ સેવા આપે છે અને હાલમાં ભારતીય જનતા પાર્ટી આર્થિક સેલના અધ્યક્ષ તરીકે પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે.

દરરોજ કિડીયારૂ પૂરવું, માછલીઓને લોટની ગોળી નાંખવી, ગાયોને ઘાસ નાખવું, કબુતરોને ચણ નાંખવું સહિતની જીવદયા પ્રવૃત્તિઓ માટે અચૂક પણે રોજના ૩ કલાક ફાળવતા યોગેરાભાઈ હાલમાં જ કોરાનાની બિમારીને લઈને રાજકોટ શહેરની ભાગોળે બનાવવામાં આવેલા સદભાવના વૃધ્ધાશ્રમ સંચાલીત હંગામી સ્મશાન (વાગુદળ) માં પણ પોતાના જાનના જોખમે અને ચેપનો ડર રાખ્યા વગર સતત હાજર રહેલા અને અનેકો મૃતદેહોની ગરીમા પૂર્ણ અંતિમવિધીમાં, સંચાલનમાં નિમીત બન્યા હતા. યુ.એસ.એમાં યોજાતા 'ચાલો ગુજરાત'—આયના સંસ્થાના એકઝીક્યુટીવ કમિટીના સભ્ય તરીકે યોગેશભાઈ કાર્યરત છે. હાલમાં પણ રાજકોટના મોરબી રોડ પર છતર(મિતાણા) ખાતે આવેલ સદભાવના બળદ આશ્રમ માટેની જગ્યા માટે પોતાની વિશાળ ફેક્ટરીની જગ્યાની હંગામી ધોરણે, વિનામૂલ્યે આપનાર યોગેશભાઈ પ્રખર ગૌ વ્રતી છે. શબ્દોને લાગણીમાં ઝબોળી એક અનોખુ ભાવજગત, સદભાવ જગત ખડું કરવાની તેમજ મિત્રો કમાવાની અને મિત્રતા સાચવવાની આવડત એ યોગેશભાઈ પાંચાણી ના આગવા વ્યકિતત્વનું જમા પાસુ છે. 'રાજનીતી નહીં પણ રાષ્ટ્ર નિતી'માં માનતા સાહિત્ય પ્રેમી અને કલામર્મજ્ઞ યોગેશભાઈ પાંચાણી (પટેલ)ને શ્રેષ્ઠ સામાજિક કાર્યકર્તાનો એવોર્ડ મળતા તેમના બહોળા મિત્ર વર્તુળ તેમજ શુભેચ્છકો દ્વારા આશીર્વાદની વર્ષા થઈ રહી છે. યોગેશભાઈ પાંચાણી (મો . ૯૮૨૪૨૧૨૪૮૦)



બૌદ્ધિક સંપદાઓ કલા અને સાહિત્યને પ્રોત્સાહન આપવાના હેતુ બાળકો અને સ્ત્રીઓના કૌશલને વધારવા ગુરુકૃપા એજ્યુકેશન ટ્રસ્ટ આજોલ દ્વારા તારીખ ૨૫ ૧૨ ૨૨ ના રોજ શાંતિ કુંજ હાઉસિંગ સોસાયટી ચાંદખેડા ખાતે રંગોળી અને મેંદી સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ધીરજકુમાર રોહિત ભાગ લેનાર બાળકોને સ્ત્રીઓના' આભાર વ્યક્ત કર્યો

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK